તા.:૨૧–૦૨–૨૦૨૨ની કારોબારી કમીટીની કાર્યનોંધ.

..............................................................................

કા.સ.ઠ.નં.૨૪૯ / તા.: ૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૧</u>

<u>વિષયઃ–</u> નગરપાલિકાના વર્ગ–૪ નાં કર્મચારીઓને સને : ૨૦૨૦–૨૧ નાં વર્ષ માટે એડહોક બોનસ ચુકવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા–વલસાડનાં વર્ગ–૪ નાં કાયમી કર્મચારીઓ તથા રોજમદાર કર્મચારીઓ કે તા.:૩૧–૦૩–૨૦૨૧ ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૨૦–૨૧ ના વર્ષ દરમ્યાન જેમણે ઓછામાં ઓછી ૬(છ) મહિનાની સળંગ નોકરી કરેલ હોઈ તેવાં કાયમી કર્મચારીને રૂા.૩૪૫૪/– તથા ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી ઓછામાં ઓછા ૨૪૦ દિવસ કામ કરેલ હોય તેવા છુટક મજુરોને રૂા. ૧૧૮૪/– નામદાર ગુજરાત સરકારશ્રીનાં નાણાં વિભાગનાં પત્ર ક્રમાંક નં.–બનસ /૧૦૨૦૧૩ / જીઓઆઈ / ૧૨ /ચ તા.૨૫–૧૦–૨૦૨૧ થી ઠરાવ્યા મુજબ સને : ૨૦૨૦–૨૧નાં વર્ષ માટેનું બોનસ ચુકવવાપાત્ર થાય છે. તેવા સંજોગોમાં ઉપરોક્ત બોનસ ચુકવવા અંગે નિયમોનુસારની દરખાસ્ત મે. રીજયોનલ કમિશ્નર–સુરતને કરી મંજુરત મેળવવા સારૂ જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૫૦/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૨</u>

<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખાના મજુર કામદાર શ્રી નારણભાઈ ખાલપભાઈ પટેલ,રહે.: કોકાકોલા ફેકટરી પાછળ, અબ્રામા, વલસાડની તા.: ૧૨/૧૦/૨૦૨૧ની અરજીમાં જણાવ્યા મુજબ તેઓશ્રી શરીર થી બીમાર તથા અશકત હોવાથી વધારે નોકરી કરી શકે એમ નથી. જેથી તેઓશ્રી ધ્વારા તા.:૩૧–૧૨–૨૦૨૧ ના રોજ ફરજ બજાવી,સ્વૈચ્છીક નિવૃતિની માંગણી કરેલ છે. જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખામાં કર્મચારીશ્રી નારણભાઈ ખાલપભાઈ પટેલ, રહે.: કોકાકોલા ફેકટરી પાછળ, અબ્રામા, વલસાડ કાયમી મજુર કામદાર તરીકે તા.: ૦૧–૦૪–૧૯૯૦ થી ફરજ બજાવતા આવેલ છે. તેઓશ્રીની તા.:૧૨–૧૦–૨૦૨૧ ના રોજ અત્રેની કચેરીએ આવેલ અરજીમાં જણાવ્યા મુજબ તેઓશ્રી શરીરથી બીમાર તથા અશકત હોવાથી વધારે નોકરી કરી શકે એમ નથી. જેથી તેઓશ્રી ધ્વારા તા.:૩૧–૧૨–૨૦૨૧ ના રોજ ફરજ બજાવી કચેરી સમયબાદ સ્વૈચ્છિક નિવૃતિની માંગણી કરેલ છે. તેઓશ્રીની સ્વૈચ્છિક નિવૃતિ અંગેની આવેલ અરજી મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૫૧ / તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૩</u>**

**<u>વિષયઃ–</u>વલસાડ નગરપાલિકામાં બીજા માળ ઉપર સભાખંડની (હોલ) બાજુમાં ૩.૯મી × ૨.૫૬મી ની સાઈઝની કેબિનમાં જુ.નગર નિયોજક માટે કેબિન વાપરવા લાયક બનાવવા ફર્નિચરની કામગીરી કરાવવા અંગેનું એસ્ટીમેઈટ રૂા.૮૧૨૦/– મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકામાં બીજા માળ ઉપર સભાખંડની (હોલ) બાજુમાં ૩.૯ મી × ૨.૫૬ મી.ની સાઈઝની કેબિન આવેલ છે. જેમાં હાલે ફર્નિચરની કામગીરી કરવામાં આવે તો જુનીયર નગર નિયોજક માટે કેબિન વાપરવા લાયક બનાવી શકાય એમ છે. જેથી સદરહું કામગીરી કરાવવા અંગેનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૮૧૨૦/–અંકે રૂા. આઠ હજાર, એકસો વીસ પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૫૨/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૪</u>

<u>વિષય:–</u> વ.ન.પા. ના અટલ બિહારી બાજપાઈ સભાખંડની બાજુમાં આવેલ રૂમમાં હાલ ટાઉન પ્લાનીંગ શાખાના જુનિયર નગરનિયોજકશ્રીની કેબિન કરવામાં આવનાર છે. આ રૂમમાં હવાની અવર–જવર માટે બારી ન હોવાથી એર સર્ફોકેશન થાય છે. સદરહુ રૂમ માટે એર કન્ડીશનર ખરીદી કરવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૩૦,૦૦૦/– જેટલો થનાર છે. સદરહું એર કન્ડીશનરની ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા વલસાડ નવીન નગર સેવા સદન બિલ્ડીંગના બીજા માળે અટલ બિહારી બાજપાઈ સભાખંડની બાજુમાં આવેલ રૂમમાં હાલે ટાઉન પ્લાનીંગ શાખાનું જુનિયર નગર નિયોજકશ્રીની કેબિન કરવામાં આવનાર છે. આ રૂમમાં હવાની અવર–જવર માટે બારી ન હોવાથી એર સફોકેશન થાય છે. સદરહું રૂમમાં૧.૫ ટનની એસી નાખવામાં આવેલ છે. જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા.૩૦,૦૦૦/–તેમજ એસી સ્ટેન્ડ, પાઈપ ફીટીંગ, પ્લગ, વાયર વિગેરે માલસામાન, મજુરી સહિત, સાગર ડી. થોરાત, તરીયાવાડ,વલસાડનું આવેલ કુલ બીલ રૂા.૩૭,૨૦૦/–અંકે રૂા.સાત હજાર,બસો પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૫૩/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૫</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા હદમાં વોર્ડ નં.–૧૦ માં અબ્રામા, મણિબાગ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે R.C.C. ની 95 મીટર પાઈપની જરૂરીયાત હોય, મંજુર થયેલ વાર્ષિક ભાવોથી કામગીરી કરાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, તા.: ૧૪–૦૯–૨૦૨૧ નાં રોજ વધુ વરસાદ પડતાં મણીબાગ અબ્રામા ખાતે આવેલ સોસાયટીનાં ઘરોમાં પાણી ભરાઈ ગયેલ છે. જેનાં માટે R.C.C. ની 95 મીટર પાઈપની જરૂર છે. નગરપાલિકાનાં મંજુર થયેલ વાર્ષિક ભાવોથી સદરહું કામ કોન્ટ્રાકટરશ્રી શાંતિલાલ કે. બારિયા–અબ્રામા વલસાડ પાસેથી કરાવવાનું તેમજ તે અંગેના કામનું આવેલ એસ્ટીમેઈટ રૂા.૩,૬૫,૬૧૦/–અંકે રૂા.ત્રણ લાખ,પાંસઠ હજાર, છસો દશ પુરા મંજુર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૫૪/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૬</u>**

**<u>વિષયઃ–</u>ના.સરકારશ્રીના ગુજ.મ્યુનિ.ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. મફબ / SJMMSVY ( UDP-88)/ 2018-19 / ન.પા. / આં.મા.સુ./ પ્ર.હ./૨૦૧૮ /૯૮૭૬ / તા.:૧૦–૦૫–૨૦૧૮ થી વલસાડ નગરપાલિકાને ના.સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને મંજુર કરવામાં આવેલ ટેન્ડરની રકમમાં રૂા. ૬૭,૫૮,૧૮૫/–પુરાનો તફાવત થાય છે. સદરહુ તફાવતની રકમના ના.સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ જે તે પ્રકારના વિકાસલક્ષી કામો નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીના ગુજ.મ્યુનિ.ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. મફબ / SJMMSVY ( UDP-88)/ 2018-19 / ન.પા. / આં.મા.સુ./ પ્ર.હ./૨૦૧૮ /૯૮૭૬ / તા.:૧૦–૦૫–૨૦૧૮ થી વલસાડ નગરપાલિકાને 2018-19 ના વિકાસલક્ષી કામો માટે રૂા.૫.૦૦ કરોડ ફાળવણી કરેલ છે. જે અન્વયે નગરપાલિકા ધ્વારા જે તે પ્રકારના વિકાસલક્ષી કામોનું આયોજન કરી જરૂરી ઠરાવ કરી મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, સુરત ખાતે મંજુર થયેલા કામોની જરૂરી વહીવટી મંજુરી મેળવી નગરપાલિકા ધ્વારા નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરી નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરો મંગાવી જે તે પ્રકારના વિકાસલક્ષી કામો કરવામાં આવેલ છે. વધુમાં, નામદાર સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવેલ ગ્રાંટની રકમ રૂા.૫.૦૦ કરોડની જે તે પ્રકારના કામો નકકી કરી ઓનલાઈન ટેન્ડરીંગ કરતાં રૂા.૪,૩૨,૪૧,૮૧૫/– પુરાના કામોનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. જેથી નામદાર સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અને મંજુર કરવામાં આવેલ ટેન્ડરની રકમમાં રૂા.૬૭,૫૮,૧૮૫/– પુરાનો તફાવત થાય છે. સદરહુ તફાવતની રકમના નામદાર સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ જે તે પ્રકારના વિકાસલક્ષી કામો નકકી કરવાના થાય છે. ઉપરોકત તફાવતની રકમની મર્યાદામાં કામો નકકી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાની સત્તા મે.ચીફઓફીસરશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમીતી, પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

---

**કામ નં.–૭**

**વિષયઃ–**ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં ૪૫૦ એમએમ ડાયા પાઈપ લાઈન ૮૦૦ એમએમ ડાયાની પાઈપ લાઈન રેલ્વે ક્રોસિંગમાંથી પસાર કરવા માટે **RITES** અને **KRCL** માંથી કોઈપણ એક **PMC** ( પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ ) પ્રોજેકટની કામગીરી કરવા માટે નિમણુંક કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

**ઠરાવ.:**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની અમૃત યોજના (૧૭–૨૦) હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં **Providing, Laying, jointing of Rising mains from Abarama Headwork to Kalyanbaug sump and from kalyanbaug Sump to ESR at Tithal Road including connection pipeline from Tithal Road ESR to existing network. Desiginin, Constructing, Testing & Commissioning of Elevated Service Reservir ( ESR) Design, Supply, Installation, Testing and Commissioning of Instrumentation & SCADA system for all the head works and House Service Connections for Valsad including all allied works complete and post completion operation & maintenance for five years** બનાવવાના કામનું એજન્સીશ્રી ક્રિષ્ણા કન્સ્ટ્રકશન, ધોબીધાટ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૧૬,૭૨,૧૦,૮૦૦/– કરતાં ૯.૯૫% ઉંચા ભાવથી ટેન્ડર આવેલ છે, જે અન્વયે તા.:૦૮–૦૩–૨૦૧૯ ની **GUDM,** ગાંધીનગરની ૧૭ મી સ્કુટીની તેમજ ૨૫ મી **SLTC** ની મીટીંગમાં તેમજ કા.સ.ઠ.નં.–૩૬૮ / તા.: ૦૮–૦૩–૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે. વલસાડ નગરપાલિકા ધ્વારા ૪૫૦ એમએમ ડાયા પાઈપ લાઈન રેલ્વે ઓવર બ્રિજ પાસે ૧૯૬ /૧૫ થી ૧૯૬ / ૧૭ મુંબઈ જવાના ચેનેજ પોઈન્ટ પર ૮૦૦ એમએમ ડાયા કેસીંગ પાઈપ પસાર કરવા માટે **DRM** ઓફિસ પશ્ચિમ રેલ્વે મુંબઈ ૩૧/૦૭/૨૦૧૯ ના રોજ અરજી કરેલ છે. તા.:૧૦/૦૨/૨૦૨૧ ના રોજ ડીવીઝનલ ઓફિસ પશ્ચિમ રેલ્વે મુંબઈ ધ્વારા વલસાડ નગરપાલિકાને ૬૦૦ ડાયાની ઉપર કેસીંગ પાઈપ લાઈન નાખવાની હોય તો **PMC** ( પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ ) સાથે રાખી કામગીરી કરવાની થાય છે જેના માટે પશ્ચિમ રેલ્વે મુંબઈ ધ્વારા

મંજુર કરેલ કન્સ્લ્ટન્ટ જેવા કે, **RITES, IRCON, KRCL** જણાવેલ છે. વલસાડ નગરપાલિકા ધ્વારા પશ્ચિમ રેલ્વે મુંબઈ મંજુર કરેલ કન્સ્લ્ટન્ટને પત્ર વ્યવહાર કરતાં **IRCON,**ધ્વારા તા.:૨૧/૦૯/૨૦૨૧ ના રોજ **PMC** તરીકે પ્રોજેકટમાં કામગીરી નહીં કરી શકે તેમ જણાવેલ છે. તેમજ **RITES LIMITED** ધ્વારા ૦૪/૧૦/૨૦૨૧ ના રોજ ૫ લાખ રૂપિયા એક મહિના માટે જણાવેલ છે. અને **KRCL** ( કોકન રેલ્વે કોર્પોરેશન લિમિટેડ ) ધ્વારા ૩ લાખ ૬૦ હજાર રૂપિયા એક મહિના માટે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સ્લ્ટન્ટ તરીકે ચાર્જ જણાવેલ છે. જેથી ૪૫૦ એમએમ ડાયા પાઈપ લાઈન ૮૦૦ એમએમ ડાયાની પાઈપ લાઈન રેલ્વે ક્રોસિંગમાંથી પસાર કરવા માટે**RITES** અને **KRCL** માંથી કોઈપણ એક **PMC** ( પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ ) પ્રોજેકટની કામગીરી કરવા માટે નિમણુંક કરવા અંગેના આવેલ કામે ચર્ચાવિચારણાં કરતાં, **KRCL** (કોકન રેલ્વે કોર્પોરેશન લિમિટેડ)ની નિમણુંક કરવાનું તથા સદરહું ઉપરોકત જણાવેલ કામગીરી  શરૂ કર્યા બાદ એક માસના સમયમર્યાદામાં પૂર્ણ કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડ ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૫૬/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

**<u>કામ નં.–૮</u>**

**<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી શ્રી દિનેશભાઈ આર. મહેતા વિગેરે જુદા જુદા શાખાના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાના દરો વધવાથી તે આધારિત ગ્રેજયુઈટી તથા હકક રજા તફાવત ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના નિવૃત્ત થયેલા કર્મચારીઓને નિવૃત્તિના સમયે વલસાડ નગરપાલિકામાં પ્રવર્તમાન મોંઘવારી ભથ્થાના દરો નીચે પ્રમાણે ગ્રેજયુઈટીની ચુકવણી ચુકવવામાં આવેલ હતી. પરંતુ નિવૃત્તિ સમયે મોંઘવારી દરોમાં વધારો થતાં તેઓને નીચે મુજબની વિગતે તફાવત ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

| કર્મચારીનું નામ. | નિવૃતિ તારીખ | ચુકવેલ મોંઘવારી ભથ્થા દર | ચુકવવા પાત્ર મોંઘવારી ભથ્થા દર | ચુકવેલ ગ્રેજયુઈટી | ચુકવવાપાત્ર ગ્રેજયુઈટી | તફાવત |
|---|---|---|---|---|---|---|
| દિનેશભાઈ આર. મહેતા | ૩૦/૦૬/૨૦૧૯ | ૧૪૨ | ૧૫૪ | ૫૬૭૦૫૨ | ૫૯૫૧૬૭ | ૨૮૧૧૫ |
| દિનેશભાઈ આર. મહેતા (હકક રજા ) | ૩૦/૦૬/૨૦૧૯ | ૧૪૨ | ૧૫૪ | ૩૯૧૦૭૦ | ૪૧૦૪૬૦ | ૧૯૩૯૦ |
| તુષારભાઈ એસ.દેસાઈ | ૩૧/૦૫/૨૦૧૫ | ૧૦૭ | ૧૧૩ | ૪૮૯૬૧૪ | ૫૦૩૮૧૨ | ૧૪૧૯૮ |
| બકુલાબેન કાલીદાસ કુંકણા | ૩૧/૦૮/૨૦૧૮ | ૧૩૬ | ૧૪૮ | ૩૬૧૭૮૮ | ૩૮૦૧૮૪ | ૧૮૩૯૬ |
| બકુલાબેન કાલીદાસ કુંકણા (હકક રજા ) | ૩૧/૦૮/૨૦૧૮ | ૧૩૬ | ૧૪૮ | ૨૬૬૧૦૦ | ૨૭૧૫૬૦ | ૫૪૬૦ |
| વાસંતી વાય. જોષી (હકક રજા ) | ૩૦/૦૯/૨૦૧૯ | ૧૫૪ | ૧૬૪ | ૪૫૧૮૭૦ | ૪૬૯૬૬૦ | ૧૭૭૯૦ |
| ઠાકોરભાઈ ઝીણાભાઈ પટેલ | ૩૧/૧૦/૨૦૧૯ | ૧૫૪ | ૧૬૪ | ૫૧૦૦૪૮ | ૫૩૦૧૨૮ | ૨૦૦૮૦ |
| ઠાકોરભાઈ ઝીણાભાઈ પટેલ (હકક રજા ) | ૩૧/૧૦/૨૦૧૯ | ૧૫૪ | ૧૬૪ | ૩૦૯૧૨૦ | ૩૨૧૨૯૦ | ૧૨૧૭૦ |
| સુરેશ બી.રાઠોડ | ૧૮/૦૧/૨૦૧૫ | ૧૦૭ | ૧૧૩ | ૩૮૮૩૪૦ | ૩૯૯૫૮૦ | ૧૧૨૪૦ |
| અજય એસ. વ્યાસ | ૩૧/૦૫/૨૦૧૮ | ૧૩૬ | ૧૪૨ | ૬૩૨૮૬૪ | ૬૪૮૯૪૪ | ૧૬૦૮૦ |
| મહેશભાઈ એમ. પટેલ | ૩૧/૦૧/૨૦૨૦ | ૧૫૪ | ૧૬૪ | ૫૧૦૦૪૮ | ૫૩૦૧૨૮ | ૨૦૦૮૦ |
| મહેશભાઈ એમ. પટેલ (હકક રજા ) | ૩૧/૦૧/૨૦૨૦ | ૧૫૪ | ૧૬૪ | ૩૦૯૧૨૦ | ૩૨૧૨૯૦ | ૧૨૧૭૦ |
| પ્રવિણભાઈ એમ.પટેલ | ૩૦/૦૬/૨૦૧૪ | ૧૦૦ | ૧૦૦ | ૩૨૭૬૮૦ | ૩૩૫૨૮૦ | ૭૬૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અમરત ચીનાભાઈ સોલંકી | ૩૧/૦૧/૨૦૧૫ | ૧૦૭ | ૧૧૩ | ૧૮૮૩૭૦ | ૧૯૩૮૩૦ | ૫૪૬૦ |
| રમેશ ધનજીભાઈ પટેલ | ૩૦/૦૬/૨૦૧૫ | ૧૧૩ | ૧૧૩ | ૩૧૩૭૮૦ | ૩૨૪૬૦૦ | ૧૦૮૨૦ |
| મગનભાઈ નાનુભાઈ પટેલ | ૩૦/૦૬/૨૦૧૭ | ૧૨૫ | ૧૩૬ | ૨૩૫૧૨૦ | ૨૪૬૬૨૦ | ૧૧૫૦૦ |
| મગનભાઈ નાનુભાઈ પટેલ | ૩૦/૦૬/૨૦૧૭ | ૧૨૫ | ૧૩૬ | ૩૬૪૪૩૬ | ૩૮૨૨૬૧ | ૧૭૮૨૫ |
| ભાણાભાઈ સોમાભાઈ પટેલ | ૩૦/૦૬/૨૦૧૮ | ૧૩૬ | ૧૪૨ | ૨૫૮૪૧૦ | ૨૬૪૯૯૦ | ૬૫૮૦ |
| ભાણાભાઈ સોમાભાઈ પટેલ | ૩૦/૦૬/૨૦૧૮ | ૧૩૬ | ૧૪૨ | ૩૯૨૫૫૦ | ૩૯૭૪૮૫ | ૪૯૩૫ |
| મીનાબેન કાંતિભાઈ પટેલ | ૦૪/૦૮/૨૦૧૭ | ૧૨૫ | ૧૩૯ | ૮૨૫૧૨૦ | ૯૦૩૮૩૭ | ૭૮૭૧૭ |
| ભાણાભાઈ નગીનભાઈ પટેલ | ૩૧/૧૦/૨૦૧૭ | ૧૨૫ | ૧૩૯ | ૨૫૮૦૦૦ | ૨૭૩૮૯૦ | ૧૫૮૯૦ |
| કાંતિભાઈ મંગાભાઈ પટેલ | ૩૧/૦૭/૨૦૨૦ | ૧૬૪ | ૧૬૪ | ૩૨૧૩૦૦ | ૩૩૧૦૬૦ | ૯૭૬૦ |
| શંકરભાઈ રણછોડભાઈ પટેલ | ૩૧/૦૮/૨૦૧૮ | ૧૩૬ | ૧૪૮ | ૩૬૧૭૮૮ | ૩૮૦૧૮૪ | ૧૮૩૯૬ |
| નંદીબેન કાલીદાસ નાયકા | ૩૧/૦૩/૨૦૧૫ | ૧૦૭ | ૧૧૩ | ૨૧૬૭૩૦ | ૨૨૩૦૧૦ | ૬૨૮૦ |
| નંદીબેન કાલીદાસ નાયકા | ૩૧/૦૩/૨૦૧૫ | ૧૦૭ | ૧૧૩ | ૩૪૬૭૬૮ | ૩૬૭૯૬૬ | ૨૧૧૯૮ |
| ગાંડીયાભાઈ બાબરભાઈ રાઠોડ | ૩૧/૦૭/૨૦૧૪ | ૧૦૦ | ૧૦૭ | ૧૬૫૪૨૬ | ૧૭૧૨૧૭ | ૫૭૯૧ |
| ગાંડીયાભાઈ બાબરભાઈ રાઠોડ | ૩૧/૦૭/૨૦૧૪ | ૧૦૦ | ૧૦૭ | ૩૨૪૫૭૦ | ૩૩૫૯૩૧ | ૧૧૩૬૧ |
| રમણભાઈ લક્ષુભાઈ પટેલ | ૩૧/૦૮/૨૦૧૩ | ૭૨ | ૯૦ | ૨૭૯૮૪૦ | ૩૦૯૧૧૧ | ૨૯૨૭૧ |
| રમણભાઈ લક્ષુભાઈ પટેલ | ૩૧/૦૮/૨૦૧૩ | ૭૨ | ૯૦ | ૧૭૭૧૨૦ | ૧૮૭૩૪૦ | ૧૦૨૨૦ |
| શાંતાબેન કસ્તુરભાઈ સાવરીયા | ૩૦/૦૯/૨૦૧૫ | ૧૧૩ | ૧૧૯ | ૨૧૯૩૯૮ | ૨૨૫૨૮૨ | ૬૧૮૪ |
| પાર્વતીબેન અરવિંદ સોલંકી | ૩૧/૦૫/૨૦૧૩ | ૭૨ | ૮૦ | ૨૨૨૨૧૦ | ૨૩૨૫૫૧ | ૧૦૩૪૧ |
| બાબુભાઈ મંગાભાઈ દલગસ | ૩૧/૦૭/૨૦૧૩ | ૭૨ | ૯૦ | ૨૭૯૮૪૦ | ૩૦૯૧૧૧ | ૨૯૨૭૧ |
| દૂધીબેન લાલજીભાઈ | ૦૮/૦૧/૨૦૧૯ | ૧૪૨ | ૧૫૪ | ૮૨૦૩૮૦ | ૮૬૧૦૬૦ | ૪૦૬૮૦ |
| ગુલાબભાઈ પી. વાઘેલા | ૩૧/૦૭/૨૦૧૬ | ૧૧૯ | ૧૩૨ | ૩૯૭૦૨૩ | ૪૧૩૦૨૩ | ૧૬૦૨૨ |

**સ.મ.મંજુર..**

---

**કામ નં.–૯**

**વિષયઃ– મ્યુનિ.હોસ્પીટલ કમીટી ઠરાવ નં.૦૮/ તા.:૨૭/૭/૨૦૨૧ની ભલામણ મુજબ મ્યુનિસિપલ હોસ્પીટલમાં ફરજા બજાવતાં,ડાઁ.દિવ્યારાણી એસ. પટેલનો ૧૧(અગીયાર )માસનો કરાર રીન્યુ કરવા બાબત..**

**ઠરાવ.:**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,મ્યુનિ.હોસ્પીટલ કમીટી ઠરાવ નં.૦૮/ તા.:૨૭/૭/૨૦૨૧ની ભલામણ મુજબ,ડાઁ.દિવ્યારાણી એસ.પટેલ છેલ્લા ૧૦ વર્ષથી નગરપાલિકા સંચાલિત મ્યુનિસપલ હોસ્પીટલ, વલસાડમાં મેડીકલ ઓફીસર તરીકે ફરજ છે. તેમનો ૧૧ માસનો કરાર તા.:૨૨/૦૭/૨૦૨૧ ના રોજ પૂર્ણ થતા તેઓને વલસાડ નગરપાલિકા જા.નં.૧૫૮ / તા.:૧૫/૭/૨૦૨૧ થી છુટા કરવામાં આવેલ છે. ત્યારબાદ તા.: ૨૪/૭/૨૦૨૧ ના રોજની ડોઁ.દિવ્યારાણી એસ.પટેલની અરજીમાં જણાવ્યા મુજબ મેડીકલ ઓફીસર તરીકે કરાર રીન્યુ કરી આપવા માટેની અરજ કરેલ છે. જેને ધ્યાને લઈ હાલે વલસાડ નગરપાલિકા સંચાલિત મ્યુનિસિપલ હોસ્પીટલને ડેડીકેટેડ કોવીડ હેલ્થ સેન્ટર તરીકે જાહેર કરવામાં આવેલ છે.હાલની વૈશ્વીક મહામારીને ધ્યાને લઈ કોવીડ–૧૯ ની ગાઈડ લાઈન મુજબ ડેડીકેટેડ કોવીડ હેલ્થ સેન્ટરમાં હાલે ફરજ બજાવતા તમામ ડાઁકટરોને કોવીડ–૧૯ ની ડયુટી સોંપવામાં આવેલ છે. અને કોવીડ–૧૯ ની ગાઈડ લાઈન મુજબ હોસ્પીટલ ખાતે ઓ.પી.ડી. પણ ચાલુ રાખવાની સુચનાને ધ્યાને લઈ અરજદારની અરજી અને તેઓની કામગીરીને ધ્યાને લઈ તેમનો ૧૧ માસના કરારને અગાઉ કરેલ નિમણુંકની જણાવેલ મુળ શરતોને આધીન કરાર રીન્યુ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૫૮/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૧૦</u>

<u>વિષયઃ–</u> ના.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદમાં, એસ.સી.એ.નં.૬૭૯૩ / ૨૦૨૧ દાખલ કરવા અંગેના એડવોકેટશ્રીની કોર્ટ કેસ અંગેની વકીલાત ફી અંગેનું આવેલ બીલ રૂા.૧,૧૦,૦૦૦/–ચુકવવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, નામદાર હાઈકોર્ટ,અમદાવાદમાં ચાલતા નગરપાલિકાના જુદા જુદા કેસોની કામગીરી અંગેના હાઈકોર્ટના જુદા જુદા એડવોકેટશ્રીઓના તથા લેબર કોર્ટમાં કામદારોના કેસોના નીચે જણાવેલ જુદા જુદા આવેલ વકીલાત ફીની રકમ ચુકવવા અંગે બીલ બનાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ. નં. | આવક નંબર / તારીખ. | કેસ નં. | એડવોકેટશ્રીનું નામ. | બીલની રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | <u>૩૯૫૧</u><br>૨૧–૧૦–૨૦૨૧ | એસ.સી.એ.નં.૬૭૯૩ / ૨૦૨૧. | શ્રી યોગી કે.ગઢીયા | ૧,૧૦,૦૦૦/– |
| ૨ | <u>૫૦૩૮</u><br>૨૧–૧૦–૨૦૨૧ | F/LPA NO.30067/2021<br>SCA NO.6793 OF 2021 | શ્રી યોગી કે.ગઢીયા | ૨,૨૯,૫૦૦/– |
| ૩ | <u>૫૬૦૮</u><br>૭–૦૧–૨૦૨૨ | MCA ( Contempt )No.905 /2021 in SCA No.6793 of 2021 | શ્રી યોગી કે.ગઢીયા | ૧,૧૭,૫૦૦/– |
| ૪ | <u>૫૬૦૯</u><br>૭–૦૧–૨૦૨૨ | અપીલ નં.૪/૨૦૧૯ | શ્રી યોગી કે.ગઢીયા | ૧,૧૯,૫૦૦/– |
| ૫ | <u>૫૮૩૮</u><br>૨૦–૦૧–૨૦૨૧ | MCA 905 OF 2021 | શ્રી મિતુલ શેલત | ૫૫,૦૦૦/– |
| ૬ | <u>૬૩૧૮</u><br>૧૭–૦૨–૨૦૨૨ | SCA.22665 /2019 | શ્રી યોગી કે.ગઢીયા | ૪૬,૦૦૦/– |
| ૭ | <u>૪૬૯૭</u><br>૨૧–૦૨–૨૦૨૧ | REFERENCE CASE No. 103 / 2020, 115 to 125 / 2020 | શ્રી કૌશિક. જી. કપ્તાન | ૪૨,૦૦૦/– |

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૫૯/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૧</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાનો સને.૨૦૨૧–૨૦૨૨ નો તા.:૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીનો ત્રણ–માસીક હિસાબ તથા તા.:૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ સુધીનો છ–માસીક હિસાબ તા.:૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીનો નવ–માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનો સને.૨૦૨૧–૨૦૨૨ નો તા.:૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધીનો ત્રણ–માસીક હિસાબ તથા તા.:૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૦/૦૯/૨૦૨૧ સુધીનો છ–માસીક હિસાબ, તા.:૦૧/૦૪/૨૦૨૧ થી તા.૩૧/૧૨/૨૦૨૧ સુધીનો નવ–માસીક હિસાબ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૬૦ / તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૨</u>**

**<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા હદમાં આવેલ સોના પ્લોટ, અબ્રામા, પ્રમુખ આશિયાના સોસાયટી,અબ્રામાની સોસાયટીના રસ્તાઓ સુપ્રત કરવા અંગેના આવેલ કામે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદમાં આવેલ ધરમપુર રોડ, અબ્રામા વિસ્તારમાં ખાનગી સોસાયટીઓનું ડેવલપમેન્ટ હાલે ચાલુ છે. સદરહું વિસ્તારમાં નીચે જણાવ્યા મુજબની ખાનગી સોસાયટીના રહીશો ધ્વારા વલસાડ નગરપાલિકાને તેઓની ખાનગી સોસાયટીના આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા સ્ટેમ્પ પેપર પર લખાણ કરી નોટરી કરાવી અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ જે તે ખાનગી સોસાયટીઓ ધ્વારા સદરહુ સોસાયટીના આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કર્યેથી નગરપાલિકા તરફથી જે તે પ્રકારની પાયાની સુવિધાઓ પૂરી પાડવા જણાવેલ છે. તો સદરહુ વિસ્તારની ખાનગી સોસાયટીઓના રસ્તા સુપ્રત કરવા બાબતે ધી ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૧૪૮ હેઠળ મળેલ સત્તાની રૂએ સદર રસ્તા સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા બાબતે કોઈપણ ઈસમથી આ જમીનના માલિકને નગરપાલિકાના આ ઈરાદા સામે વાંધો કે વિરોધ હોય તેવા ઈસમો પાસેથી વાંધાસૂચનો (૦૧ માસ ) મેળવવા અંગે અત્રેની કચેરીએથી જરૂરી દૈનિક પેપરમાં તા.:૦૧/૦૯/૨૦૨૧ થી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવેલ, અને જે મુદત તા.: ૩૦/૦૯/૨૦૨૧ ના રોજ પુર્ણ થયેલ હોય, સદરહુ વાંધા સુચનો મંગાવવાના સમયગાળા દરમ્યાન કોઈપણ ઈસમોની વાંધા જણાવતી અરજીઓ અત્રેની કચેરીએ આવેલ નથી. જેથી ઉપરોકત બાબતને ધ્યાને લઈ નીચે જણાવ્યા મુજબની સોસાયટીઓના આંતરિક તેમજ મુખ્ય રસ્તાઓની માલિકી નગરપાલિકાને સુપ્રત કરેલ છે.જેથી સદરહુ બાબતે જરૂરી આગળની કાર્યવાહી કરવાનું તેમજ નગરપાલિકાને ભવિષ્યમાં જનહિતના કામો જેવાં કે, પાણીની ટાંકી, ગાર્ડન વિગેરે કામો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તે માટે ૧૫% કન્સ્ટ્રકશન કામ કરવાની શરતે મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**(૧) સોના પ્લોટ, અબ્રામા,**

**(૨) પ્રમુખ આશિયાના સોસાયટી,અબ્રામા,**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૬૧/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૩</u>**

**<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની IHSDP યોજના અંતર્ગત નિયમ વિરુઘ્ધ કરેલ કામગીરી અન્વયે જરૂરી પબ્લીક પ્રિમાઈસીસ ઓફ અન ઓથોરાઈઝડ ઓકયુપન્ટસ એકટ–૧૯૭૨ મુજબ કાર્યવાહી કરવા વકીલશ્રીનો અભિપ્રાય મેળવવા અંગે નગરપાલિકાના પેનલના વકીલશ્રીની નિમણુંક કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની IHSDP યોજના હેઠળ સોના–સરિતા ખાતે બનાવવામાં આવેલ આવાસો,ભાડે તેમજ વેચાણથી આપવાની ગેરરીતી કરવામાં આવેલ છે. એવી અવાર–નવાર નગરપાલિકાના સભ્યોશ્રીઓ ઘ્વારા રજુઆત કરવામાં આવેલ છે. સદરહુ બાબતને ઘ્યાને લેતા સદરહુ આવાસોની સ્થળ તપાસ કરતાં બંધ આવાસો તેમજ સ્થળ પર ફાળવેલ આવાસ અન્વયે અન્ય વ્યકિત રહેવાનું માલુમ પડેલ, સદરહુ બાબતે યોગ્ય કાર્યવાહી કરવા અંગે વખતો વખત કમીટી લેવલે નિર્ણય અર્થે સાદર કરેલ. જે બાબતે કા.સ.ઠ.નં.–૯૧ / તા.:૧૯–૦૭–૨૦૨૧ થી જણાવ્યા મુજબ જે આવાસ બંધ છે તેમજ જે લાભાર્થીઓને આવાસની જરૂરીયાત નહીં હોય, તેમજ કોઈ લાભાર્થી ઘ્વારા આવાસ ભાડેથી તેમજ વેચાણથી આપેલ હોય, તેમજ કોઈ લાભાર્થી પાકું મકાન ધરાવતા હોય, તેવા તમામ આવાસ લાભાર્થીઓ પરથી આવાસનો કબજો મેળવવાનો થાય છે. સદરહુ બાબતે કમીટીમાં જણાવ્યા મુજબ સરકારશ્રીની પબ્લીક પ્રિમાઈસીસ ઓફ અન ઓથોરાઈઝડ ઓકયુપન્ટસ એકટ–૧૯૭૨ મુજબ કાર્યવાહી કરી લાભાર્થી પાસેથી કબજો ખાલી કરાવવા અંગે વકીલશ્રીનો અભિપ્રાય મેળવી આગળની કાર્યવાહી કરવા જણાવેલ છે.**

**IHSDP યોજના અંતર્ગત નિયમ વિરુઘ્ધ કરેલ કામગીરી અન્વયે જરૂરી સરકારશ્રીની પબ્લીક પ્રિમાઈસીસ ઓફ અન ઓથોરાઈઝડ ઓકયુપન્ટસ એકટ–૧૯૭૨ મુજબ કાર્યવાહી કરી લાભાર્થી પાસેથી કબજો ખાલી કરાવવા અંગે વકીલશ્રીનો અભિપ્રાય મેળવવા અંગે નગરપાલિકાના પેનલના વકીલશ્રીની નિમણુંક કરવા અંગેના આવેલ કામે અલગથી સ્ટેપ નકકી કરી,નિર્ણય કરવા શરતોને આધિન જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૬૨ / તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૪.</u>**

**<u>વિષયઃ–</u> જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.– અજન / સં.મ / રાષ્ટ્રીય પર્વ / દરખાસ્ત / ૧૦૧૯–૧૦૨૧ / ૨૦૨૧ / ૧૧૪૮–૧૧૫૭ તા.:૨૬–૧૦–૨૦૨૧ થી જણાવ્યા મુજબ રાષ્ટ્રીયપર્વ ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષાને વિકાસના કામોમાં નગરપાલિકા વિસ્તારમાં માનવ વિકાસ સૂચકાંકો ધ્યાને લઈ જરૂરી હોય તેવા રસ્તા, પીવાના પાણી, સેનીટેશન, આરોગ્ય, આંગણવાડી, શાળા જેવા કામોનું આયોજન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.–અજન / સં.મ/ રાષ્ટ્રીય પર્વ / દરખાસ્ત / ૧૦૧૯–૧૦૨૧ / ૨૦૨૧ / ૧૧૪૮–૧૧૫૭ તા.:૨૬–૧૦–૨૦૨૧ થી જણાવ્યા મુજબ રાષ્ટ્રીયપર્વ ઉજવણી નિમિત્તે જિલ્લા કક્ષાને વિકાસના કામોમાં નગરપાલિકા વિસ્તારમાં માનવ વિકાસ સૂચકાંકો ધ્યાને લઈ જરૂરી હોય તેવા રસ્તા, પીવાના પાણી, સેનીટેશન, આરોગ્ય, આંગણવાડી, શાળા જેવા કામો નકકી કરવાના થાય છે. તો તે મુજબ સદરહુ ગ્રાન્ટના કામોનું આયોજન કરવા જણાવેલ છે. નગરપાલિકા હદ વિસ્તારનાં કામો નકકી કરી દરખાસ્ત કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૬૩/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૧૫</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-88-2019-20** હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં કુલ–૧૭ કામો જુદા જુદા સ્થળોએ વરસાદી ગટર બનાવવાના કામો પૂર્ણ કરવા માટે સમયમર્યાદામાં ૦૬– માસની મુદતમાં વધારો કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની **SJMMSVY-UDP-88-2019-20** હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં કુલ–૧૭ કામો જુદા–જુદા સ્થળોએ વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ ( ટેન્ડર આઈ.ડી. નં.–૪૩૪૮૮૯ ) કરવામાં આવતા ટેન્ડરરશ્રી એમ.એ. ખાચર, રાજકોટનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂા. ૨,૦૭,૮૫,૩૦૦/– થી ૧૦.૦૮% નીચા ભાવથી આવેલ રકમરૂા.૧,૮૬,૯૦,૧૪૧.૭૬/–નીચા ભાવથી ટેન્ડર કા. સ. ઠ. નં.–૨૯૨/ તા.:૧૪–૧૨–૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ. અને ટેન્ડર સ્પીશીફીકેશન મુજબ ૧૨ માસની સમય મર્યાદામાં કુલ–૧૭ કામો પૂર્ણ કરવા અંગે અત્રેની કચેરીએથી તા.:૨૪–૧૨–૨૦૨૦ થી જરૂરી વર્કઓર્ડર આપવામાં આવેલ અને એજન્સી ધ્વારા આપવામાં આવેલ વર્કઓર્ડર મુજબ એજન્સી ધ્વારા જે તે સ્થળ ઉપર કામગીરી શરૂ કરવામાં આવેલ છે અને કુલ કામો પૈકી ૦૨ કામો પૂર્ણ કરેલ છે.

વધુમાં, સદરહુ એજન્સીએ ધ્વારા તા.: ૧૩–૦૭–૨૦૨૧ થી અત્રેની કચેરીએ પત્ર રજુ કરેલ છે. જેમાં સદરહુ કામની મુદતમાં વધારો કરવા અંગેની માંગણી કરેલ છે. હાલે કોરાનાની વૈશ્વિક મહામારી ( બીજી લહેર ) ને કારણે સદરહુ એજન્સીના કામદારો ગોધરા અને અન્ય રાજયમાં પોતાના ધરે પરત ગયેલ હોય, અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય, કામગીરી થઈ શકે એમ નથી. એમ જણાવેલ છે. સદરહુ એજન્સીના મંજુર થયેલ કામની મુદત તા.:૨૩–૧૨–૨૦૨૧ ના રોજ પૂર્ણ થાય છે. તો સદરહુ કામે ઉપરોકત પત્રમાં જણાવ્યા પ્રમાણેના કારણો મુજબ કામગીરીની મુદતમાં વધારો કરી આપવાની જરૂરીયાત જણાતી હોય, અને હાલે ચોમાસાની સીઝન ચાલુ હોય, જેથી સદરહુ કામ ચોમાસાની સીઝનમાં થઈ શકે તેમ ન હોય, જેથી ઉપરોકત કામો પૂર્ણ કરવા માટેના બાકી કામોનું લીસ્ટ રજુ કરી, સમયમર્યાદામાં ૦૬–માસની મુદતમાં વધારો કરવાનું મંજુર કરવાનું જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૬૪/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૬</u>**

**<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકાનાં બીજા માળ ઉપર હોલની બાજુમાં ૧૦'–૦'' × ૧૨'–૦'' ની સાઈઝની કેબીન આવેલ છે. જેમાં હાલે કોઈ બારી મુકવામાં આવેલ નથી. જો બારીની સગવડ કરવામાં આવે તો જુ.ટાઉન પ્લાનર માટે કેબીન બનાવી શકાય એમ છે. જે અંગેનું એસ્ટીમેઈટ રૂા.૨૬,૩૬૪/– મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાનાં બીજા માળ ઉપર હોલની બાજુમાં ૧૦'–૦'' × ૧૨'–૦'' ની સાઈઝની કેબીન આવેલ છે. જેમાં હાલે કોઈ બારી મુકવામાં આવેલ નથી. જો બારીની સગવડ કરવામાં આવે તો જુ.ટાઉન પ્લાનર માટે કેબીન બનાવી શકાય એમ છે.જેથી ૧–બારી પ્રથમ માળે–વહીવટી શાખા માટે તથા ૧–બારી બીજા માળે ટી.પી.ઓફીસ માટે બનાવવા અંગેના કામનું એસ્ટીમેઈટ રૂા.૨૬,૩૬૪/–અંકે રૂા. છવ્વીસ હજાર ત્રણસો ચોસઠ પુરાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૬૫/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૧૭</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની જુની ઓફીસ ઉપર આવેલ કેકી શ્રોફ સભાખંડમાં વ.ન.પા. ધ્વારા સરકારશ્રી તરફથી ચાલતી કચેરી " રોજગાર વિનીમય કચેરી " ને ભાડેથી આપવા માટે સદરહુ હોલમાં સીલીંગ ખુબજ ખરાબ હાલતમાં હોવાથી નવી સીલીંગ શીટ લગાવવામાં આવેલ જે અંગેનું આવેલ બીલ રૂા.૬૨,૦૦૦/– પુરા મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની જુની ઓફીસ ઉપર આવેલ કેકી શ્રોફ સભાખંડમાં વ.ન.પા. ધ્વારા સરકારશ્રી તરફથી ચાલતી કચેરી " રોજગાર વિનીમય કચેરી " ને ભાડેથી આપવા માટે સદરહુ હોલમાં સીલીંગ ખુબજ ખરાબ હાલતમાં હોવાથી તાત્કાલિક ધોરણે જુની શીટને ઉતારી તેની જગ્યાએ નવી સીલીંગ શીટ લગાવવામાં આવેલ.સદરહું કામ વલસાડના સ્થાનિક અજમલ અલી ખાન,વલસાડ ધ્વારા કરાવવામાં આવેલ.જે અંગેનું આવેલ બીલ રૂા.૬૨,૦૦૦/– અંકે રૂા. બાસઠ હજાર પુરાનું બીલ ચુકવવાનું મંજુર કરવા તેમજ જીલ્લા આયોજન કચેરી,પાસે જે સમયથી તેઓને વપરાશઅર્થે આપેલ છે. તે સમયથી ભાડુ વસુલ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૬૬/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૧૮</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા, સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય, વલસાડ માટે સનેઃ૨૦૨૦–૨૦૨૧ ના વર્ષ માટે રૂા.૪,૩૬,૧૯૦/–ની મળેલ અને જમા ગ્રાન્ટમાંથી રૂા.૧,૦૦,૦૦૦/– ના નવા લેટેસ્ટ પુસ્તકોની ગુજરાત રાજય સરકાર ઘ્વારા ટેન્ડર પ્રથામાંથી મુકિત મેળવનારી સંસ્થા ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી સેવા મંડળ, વડોદરા પાસેથી ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, સંચાલિત મહાત્મા ગાંધી સાર્વજનિક પુસ્તકાલય, વલસાડ માટે સનેઃ૨૦૨૦–૨૦૨૧ ના વર્ષ માટે ગ્રંથાલય નિયામકશ્રી,ગુજરાત રાજય સરકાર,ગાંધીનગર તરફથી મળેલરૂા.૪,૩૬,૧૯૦/–અનુદાનની રકમમાંથી રૂા.૧,૦૦,૦૦૦/– ના નવા યાદી મુજબના લેટેસ્ટ પુસ્તકોની ખરીદી કરવા માટેની જરૂરીયાત છે. ના.સરકારશ્રીના આગામી વાંચન મિશન–૨૦૨૨ હેઠળ નાગરિકોને સાક્ષર અને સુટેવવાળા બનાવવાનું વાંચન અભિયાન " મિશન વાંચન–૨૦૨૨" અંતર્ગત લાયબ્રેરી માટે નવા પુસ્તકો વસાવવાની ખુબ જરૂરીયાત છે.અને ગ્રંથાલય ખાતુ, ગાંધીનગર તરફથી પણ નવા પુસ્તકની ખરીદી માટે સુચન કરેલ છે. તેમજ પુસ્તકાલયના સભ્યપદ ધરાવતા વાચક સભ્યો તરફથી નવા પુસ્તકો મંગાવવા માટે સજેશનો પણ કરવામાં આવેલ છે. જે હકીકતો ઘ્યાને લઈ, ગુજરાત રાજય સરકાર ઘ્વારા " ટેન્ડર પ્રથાથી મુકિત મેળવનારી સંસ્થા " ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી સ.મંડળ, વડોદરા પાસેથી ખરીદવા માટે સદરહું પુસ્તક ખરીદી જમા ગ્રાન્ટમાંથી રૂા.૧,૦૦,૦૦૦/– ના નવા લેટેસ્ટ પુસ્તકોની ખરીદી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૨૬૭ / તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૧૯</u>

<u>વિષયઃ–</u> રોજીંદા કર્મચારીઓને ઔદ્યોગિક એકટ મુજબ ગ્રેજયુઈટી ચુકવવા બાબત..

<u>ઠરાવ.:</u>

વલસાડ નગરપાલિકા, વલસાડના જુદા જુદા શાખાના નીચે જણાવેલ રોજીંદા કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટીની રકમ,ઔદ્યોગિક એકટ મુજબ ચુકવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | દૈનિક વેતન રૂા. | ગ્રેજયુઈટીની રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી મનુભાઈ વલ્લભભાઈ પટેલ | અબ્રામા ઝોન પટાવાળા. | ૩૧/૧૦/૨૦૨૧ | ૩૦૦/– | ૩૦૦ × ૧૫×૧૬ = ૭૨૦૦૦/– |
| ૨ | સ્વ. સંદિપ ગણપતભાઈ નાયકાના વારસદાર પત્ની અનિતાબેન એસ.નાયકા. | વોટર વર્કસ ફિલ્ટર એટેન્ડેટ. | ૧૯/૦૯/૨૦૨૧ | ૩૦૮/– | ૩૦૦ × ૧૫×૧૦ = ૪૬૨૦૦/– |
| ૩ | જગદીશભાઈ રવજીભાઈ ટંડેલ | વાયરમેન | ૦૧–૦૨–૨૦૧૪ | ૪૦૫.૬૬ | ૪૦૫.૬૬× ૧૫× ૨૫= ૧,૫૨,૧૨૩/– |

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૬૮/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૨૦</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા, વલસાડના જુદા જુદા શાખામાં કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા રાજુ બી.રાઠોડ વિગેરે ૧૧–કર્મચારીઓ નિવૃત્ત થતાં, ગ્રેજયુઈટી, પેન્શન, વિગેરે ચુકવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા, વલસાડના કાયમી ફરજ બજાવતા જુદા જુદા શાખાના નીચે જણાવેલ કાયમી કર્મચારીઓ નિવૃત થતાં તેમની નિયમોનુસાર નીકળતી નીચે જણાવ્યા મુજબની ગ્રેજયુઈટી, રૂપાંતરીત પેન્શન વિગેરેની ચુકવણી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ નં | કર્મચારીનું નામ. | શાખાનું નામ. | નિવૃત્તી તારીખ | ગ્રેજયુઈટી રૂા. | રૂપાંતરીત પેન્શન | પેન્શન રૂા. |
|---|---|---|---|---|---|---|
| ૧ | રાજુ બી. રાઠોડ | સીધાવેરા | ૩૧–૦૧–૨૦૨૨ | ૭૫૩૮૫૫/– | ૩૪૯૩૭૨/– | ૮૬૯૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૨ | પટેલ અબ્દુલકાદર ગુલામભાઈ | આરોગ્ય | ૩૧–૦૧–૨૦૨૨ | ૪૭૩૩૮૨/– | ૨૪૭૭૮૭/– | ૬૩૦૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૩ | જશુબેન મગનભાઈ ધારુ | સેનેટરી | ૩૧–૦૧–૨૦૨૨ | ૫૫૨૫૭૬/– | ૨૩૫૦૦૪/– | ૫૯૭૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૪ | પ્રજ્ઞેશ એમ. કાપડીયા | હોસ્પિટલ | ૨૮–૦૨–૨૦૨૨ | ૬૧૪૬૭૫/– | ૨૫૫૨૫૯/– | ૬૪૯૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૫ | વાધેલા મહેશ મણીલાલ | હોસ્પિટલ | ૨૮–૦૨–૨૦૨૨ | ૬૦૮૯૩૨/– | ૨૫૧૧૩૦/– | ૬૩૮૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૬ | વાધેલા જમનાબેન સુમનભાઈ | આરોગ્ય | ૨૮–૦૨–૨૦૨૨ | ૫૨૬૨૭૫/– | ૨૩૮૭૪૦/– | ૬૦૭૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૭ | માણેકશાના જીમી કેશરી | હિસાબી | ૩૧–૦૩–૨૦૨૨ | ૯૦૪૫૮૦/– | ૩૮૧૧૧૫/– | ૯૪૮૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૮ | શાંતારામ ઉકડભાઈ બરૂડિયા | બાંધકામ | ૩૧–૦૩–૨૦૨૨ | ૭૯૧૫૨૩/– | ૩૫૪૯૯૭/– | ૮૮૩૫/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૯ | પટેલ સુનિલ રવુભાઈ | બાંધકામ | ૩૧–૦૩–૨૦૨૨ | ૬૧૬૦૯૪/– | ૨૫૪૦૮૦/– | ૬૪૬૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૧૦ | રાઠોડ સુરેશ શંકરભાઈ | વારીગૃહ | ૧૫–૦૮–૨૦૨૧ (મરણ) | ૮૪૯૬૫૦/– | –– | ૫૮૮૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |
| ૧૧ | પટેલ દિનેશ છનાભાઈ | આરોગ્ય | ૨૬–૦૯–૨૦૨૧ (મરણ) | ૯૦૩૫૮૨/– | –– | ૫૭૯૦/–+ મળતા અન્ય ભથ્થાઓ. |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૬૯/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૨૧</u>

<u>વિષયઃ–</u> હો.ક.ઠ.નં.૦૭,/તા.:૮/૭/૨૦૨૧,ઠ.નં.૧૧, ૧૨,/તા.:૨૦/૮/૨૦૨૧ ની ભલામણ મુજબ, હોસ્પીટલ માટે જરૂરી એવો ઓકસીજન સીલીન્ડર(જમ્બો)ઓકસીજન પ્લાન્ટના ઓકસીજન પાઈપ લાઈન સાથે જોડવા કોપર પાઈપ લાઈન,તેમજ ઓકસીજન પ્લાન્ટના ફરતે જાળી લગાવી ફેબ્રીકેશન વર્ક અંગેના જુદા જુદા આવેલ બીલો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

હો.ક.ઠ.નં.૦૭,/તા.:૮/૭/૨૦૨૧,ઠ.નં.૧૧, ૧૨,/તા.:૨૦/૮/૨૦૨૧ ની ભલામણ મુજબ, મ્યુનિસિપલ હોસ્પીટલ વલસાડને સરકારશ્રી ધ્વારા ડી.સી.એચ.સી જાહેર કરવામાં આવેલ છે. હાલે કોવીડ–૧૯ નો બીજો તબકકો ચાલી રહેલ છે.અને હાલે સદરહુ મહામારી આવનારા દિવસોમાં વધુ તીવ્ર બનવાના એંધાણ હોય જે અન્વયે સરકારશ્રી ધ્વારા ત્રીજા તબકકાની પૂર્વ તૈયારીઓ કરવા જણાવેલ છે. પાછલા વર્ષમાં આવેલ કોવીડ–૧૯ મહામારીમાં જે ક્ષતીઓ જોવા મળેલ છે તે ક્ષતીઓ આવનાર સમયમાં ન જોવા મળે અને કોવીડ–૧૯ ની મહામારીને પહોંચી વળવા સક્ષમતા દર્શાવવાના ભાગરૂપે આગવી તૈયારી કરવાની થાય છે. જે અન્વયે સરકારશ્રી તરફથી મળેલ સુચનાઓને ધ્યાને લઈ આવનાર સમય માટે જરૂરી એવી વ્યવસ્થાના ભાગરૂપે હાલે (૧) હોસ્પીટલ માટે જરૂરી એવો ઓકસીજન સીલીન્ડર(જમ્બો)નવા ખરીદ કરવા (૨)ઓકસીજન પ્લાન્ટના ઓકસીજન પાઈપ લાઈન સાથે જોડવા કોપર પાઈપ લાઈન, તેમજ (૩) ઓકસીજન પ્લાન્ટના ફરતે જાળી લગાવી ફેબ્રીકેશન વર્ક અંગેની જુદી જુદી કામગીરીઓ કરાવેલ. જે કરાવેલ કામગીરીને બહાલ રાખી, ઉપરોકત જણાવેલ (૧),(૨),(૩),અંગેની કરાવેલ કામગીરીના આવેલ જુદા જુદા બીલો મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૭૦/ તા.:૨૧–૦૨–૨૦૨૨

———————————————————————————————————————————

<u>કામ નં.–૨૨</u>

<u>વિષયઃ–</u> ગુ.મ્યુનિ. ફાઈ. બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર.: મફબ / યુ–૨/૧૫મું નાણાપંચ / બીજો હપ્તો / ટાઈડ ગ્રાન્ટ / ૨૦૨૦–૨૧/૧૮૧૫૦ / તા.:૧૨/૧૧/૨૦૨૧ થી ફાળવવામાં આવેલ ટાઈડ ગ્રાન્ટમાંથી ૧૫ મું નાણાપંચ ટાઈડ ગ્રાન્ટ / ૨૦૨૦–૨૧ બીજો હપ્તોમાંથી કામો નકકી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક નંબર.: મફબ / યુ–૨/૧૫મું નાણાપંચ / બીજો હપ્તો / ટાઈડ ગ્રાન્ટ / ૨૦૨૦–૨૧/૧૮૧૫૦ / તા.:૧૨/૧૧/૨૦૨૧ થી ફાળવવામાં આવેલ નીચે જણાવેલ ટાઈડ ગ્રાન્ટમાંથી ૧૫ મું નાણાપંચની મંજુર થયેલ ગાઈડ લાઈન મુજબના અગ્રતાક્રમ મુજબના કામો નકકી કરવા કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાની સત્તા, મે.ચીફઓફીસરશ્રી, ચેરમેનશ્રી–કારોબારી સમીતી, પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) ફાળવવામાં આવેલ ટાઈડ ગ્રાન્ટ <u>રૂા.૧૫૩૮૭૬૫૪/–.</u>

<u>કુલ– રૂા.૧૫૩૮૭૬૫૪/–.</u>

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૭૧/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૩</u>**

**<u>વિષય:–</u> શ્રમ અને રોજગાર વિભાગ તા.:૨૩/૦૬/૨૦૨૦ ના નોટીફીકેશન અને શ્રમ અને રોજગાર વિભાગના તા.:૦૭/૦૩/૨૦૨૦ ના વિગત અનુસાર ઈ–નગર યોજના અંતર્ગત શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ મોડયુલ જણાવ્યા મુજબ જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**શોપ્સ ઈન્સ્પેકટરશ્રી, વલસાડ નગર સેવા સદન તથા ચીફ ઓફીસરશ્રીનો રીપોર્ટ વંચાણે લીધો.વલસાડ નગર સેવા સદન તેમજ અબ્રામા ઝોન તથા મોગરાવાડી ઝોન વિસ્તારના તમામ દુકાનો તથા વેપારી સંસ્થાના માલિકોને ખબર આપવામાં આવે છે કે, વલસાડ નગર સેવા સદન ગુમાસ્તાધારા ( શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ ) અગાઉ ઈ–નગર સિસ્ટમમાં The Bombay Shops and Establishment Act 1948 પ્રમાણે ગુમાસ્તાધારા માટે નોંધણી પ્રમાણપત્ર ( New / Renew / Modification ) ની જોગવાઈ કરેલ હતી. શ્રમ અને રોજગાર વિભાગ તા.:૨૩/૦૬/૨૦૨૦ ના નોટીફીકેશન અને શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૭ /૦૩/૨૦૨૦ ના The Gujarat Shops & Establishment ( Regulation of Employments & Conditions of Services ) Act 2019 ની વિગત અનુસાર ઈ–નગર યોજના અંતર્ગત શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ મોડયુલમાં જરૂરી (ઈમ્પ્લિમેન્ટશન ) સુધારા / વધારા કરેલ જે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ સંસ્થામાં ૦ થી ૯ કર્મચારી ( પગારદાર ) ની સંખ્યા રાખવામાં આવેલ હશે તેમણે રજીસ્ટ્રેશન કરવા માટે નમૂનો–ડી ફોર્મ ભરવાનું રહેશે.તેમજ ૧૦ કે તેથી વધુ કર્મચારી ( પગારદાર ) રાખવામાં આવેલ હશે તે રજીસ્ટ્રેશન કરવા માટે નમુનો–એ ફોર્મ ભરી સર્ટીફીકેટ મેળવી શકશે. જે જુના ગુમાસ્તાધારા ( શોપ્સ એસ્ટાબ્લીશમેન્ટ ) લાયસન્સ ( નોંધણી ) રજીસ્ટ્રેશન નંબર રદ થયેલ ગણાશે તેમજ રીન્યુઅલની કામગીરી કરવાની રહેતી નથી અને વન ટાઈમ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.**

**૧૦ કે તેથી વધુ કર્મચારી ( પગારદાર ) રાખવામાં આવેલ હોય તેમણે નીચે મુજબની ફી ભરવાની રહેશે.**

**(૧) Establishment. ( વાણિજય સંસ્થા )–૫૦૦.**

**(૨) Shops. ( દુકાન )–૫૦૦.**

**(૩) Residential Hotels. ( રહેણાંક હોટલ )–૨૫૦૦.**

**(૪) Restaurants And Eating Houses(રેસ્ટોરાં અને ભોજનાલય ગૃહો)–૧૦૦૦.**

**(૫)Theatres And Other Places of Public Amusement Of Entertainment.(થિયેટરો અને જાહેર મનોરંજન અથવા મનોરંજનના અન્ય સ્થળો )–૫૦૦૦.**

**(૬) Modification (ફેરફાર )–૫૦૦.**

ઈ–નગર યોજના અંતર્ગત નવા એકટ–૨૦૧૯ મુજબ શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ મોડયુલની ઓફલાઈન ટ્રેઈનીંગ તા.૦૬/૧૨/૨૦૨૧ ના રોજ ઈ–નગર એજન્સી ધ્વારા તાલીમમાં જણાવવામાં આવેલ જે મુજબની કામગીરી કરવાની થાય જેની માહીતી નીચે મુજબ છે.

(૧) બોમ્બે શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ–૧૯૪૮ કાયદો રદ કરવામાં આવેલ છે.

(૨) ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ–૨૦૧૯ નો કાયદો અમલમાં આવેલ છે.

(૩) સંસ્થામાં ૧૦ વ્યકિતઓ કામકાજ કરતા હશે તેમને સંસ્થા નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવશે.

(૪) જે સંસ્થામાં ૧૦ કર્મચારી ( પગારદાર) થી ઓછા હશે તેમણે ફકત સંસ્થા નોંધણી રસીદ આપવામાં આવશે.

(૫) નવા કાયદા મુજબ શોપ લાયસન્સ રીન્યુઅલ કરવાના નથી.

(૬) તમામ નોંધણી થયેલ જુના લાયસન્સ / સંસ્થા નોંધણી પ્રમાણપત્ર નવેસરથી ડોકયુમેન્ટ લઈ નોંધણી ઓનલાઈન પોર્ટલ પરથી નોંધણી કરાવવી.

(૭) સંસ્થા નોંધણી ફકત રસીદ આપવી કે કોઈપણ પ્રકારની ફી નથી. રસીદ પર સહી સિકકા આવશે નહી.

(૮) ઓનલાઈન સંસ્થા નોંધણી અરજીનો નિકાલ એકજ દિવસમાં કરવો.

(૯)૧૦ થી વધુ (પગારદાર) કર્મચારી હોય તે લાયસન્સમાં સુધારા વધારા થઈ શકશે.

(૧૦) સંસ્થા ભાડાથી ચાલી આવેલ હોય તો સંસ્થાના માલીકને મકાન માલીકની એન.ઓ.સી. લેવા જણાવેલ છે. અરજદારે નોંધણી અંગેની કાર્યવાહી કરવા માટે આવે ત્યારે નોટરી કરેલ ભાડા કરાર રજુ કરવાનો રહેશે.

ઉપરોકત બાબતે શ્રમ અને રોજગાર વિભાગ તા.૨૩/૦૬/૨૦૨૦ ના નોટીફીકેશન અને શ્રમ અને રોજગાર વિભાગના તા.૦૭/૦૩/૨૦૨૦ ના **The Gujarat Shops & Establishment ( Regulation Of Employments & Conditions Of Services )Act 2019** ની વિગત અનુસાર ઈ–નગર યોજના અંતર્ગત શોપ અને એસ્ટાબ્લીશમેન્ટ મોડયુલ જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૭૨/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૪</u>**

**<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦) (SAAP) ના વર્ષ હેઠળ વલસાડ નગરપાલિકા હસ્તકનું ટ્રીટમેન્ટ પ્લાન્ટ / પંપીગ સ્ટેશનના ડ્રેનેજના વહેતા ગંદા પાણીના નિકાલ માટે તેમજ તિથલ રોડ વિસ્તારનું વરસાદી પાણીના નિકાલ માટે પાઈપલાઈન નાખવાની આવેલ અરજી અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રી અમૃત યોજના (૨૦૧૭–૨૦) (SAAP) ના વર્ષ હેઠળ રૂા.પ.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ. સદરહુ ગ્રાન્ટ અન્વયે વલસાડ નગરપાલિકા હદમાં (૧) ઝરણાં પાર્કથી ભંડારવાસ તરફ જતો રોડ ( આર.સી.સી.પાઈપ સીંગલસાઈડ ) (૨) ગીરીરાજ હોટલ થી GIDC ક્રોસ રોડ ( આર.સી.સી.પાઈપ બંને સાઈડ ) તેમજ (૩) મોગરાવાડી કોટેશ્વર મંદિર પાછળ ( આર.સી.સી.પાઈપ સીંગલ સાઈડ ) વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદ્દત દરમ્યાન કુલ–૧૮ ટેન્ડરો આવેલ છે. સદરહુ આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તા.: ૧૦–૧૦–૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવતા આવેલ કુલ–૧૮ ટેન્ડરો, ૪–ટેન્ડરર ડીસ્કોલીફાઈડ થયેલ છે. અને કુલ–૧૪ ઓનલાઈન ટેન્ડર તા.:૦૧–૧૧–૨૦૧૮ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી પરેશ એસ. પટેલ, મહેસાણાનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂા.૪,૫૭,૦૧,૧૪૪.૧૨/– કરતાં ૩૨.૩૩ % નીચા ભાવ આવેલ છે, જેથી નીચા આવેલ ભાવ મુજબ રૂા.૩,૦૯,૨૫,૯૬૪.૨૩/– પુરાનું ટેન્ડર આવેલ છે. અને સદરહું મંજુર કરેલ ભાવોથી એજન્સી ધ્વારા જાવક નં.૨૭૬૦ / તા.:૨૫/૦૨/૨૦૧૯ થી વર્કઓર્ડર આપેલ છે. જે અંતર્ગત એજન્સી ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોકત યોજના અન્વયે મળેલ કુલ ગ્રાન્ટ અન્વયે કુલ કામો ૦૩ નું રૂા.૩,૦૧,૧૨,૨૭૧.૩૭ પુરાનું ચુકવણું કરી સદરહું પ્રોજેકટ પૂર્ણ કરેલ છે.**

**ઉપરોકત બાબતે અરજદારશ્રીની અરજીમાં જણાવ્યા મુજબ વલસાડ નગરપાલિકા હસ્તકનું ટ્રીટમેન્ટ પ્લાન્ટ / પંપીંગ સ્ટેશન આવેલ છે. સદરહુ ટ્રીટમેન્ટ / પંપીગ સ્ટેશન ખુબજ લાંબા સમયથી**

બીસ્માર અને અકાર્યરત અવસ્થામાં હોવાથી વલસાડ નગરપાલિકા હદનું તિથલ રોડ વિસ્તારનું ડ્રેનેજનું ગંદુ પાણી તેમજ તિથલ રોડ વિસ્તારનું વરસાદી પાણી ઉપરોકત અરજદારશ્રીની ખાનગી ખુલ્લી જમીનમાંથી પસાર થાય છે. સદરહું ડ્રેનેજના વહેતા ગંદા પાણીના કારણે ગુ.હા.બોર્ડ, નનકવાડાના નાગલા ફળિયા તેમજ ખારીયા ફળિયાના રહીશોના આરોગ્યને નુકશાન થાય એમ છે. અને રોગચાળો ફેલાવવાની સંભાવના રહેલ છે.

ઉપરોકત બાબતે અરજદારશ્રીની અરજીમાં જણાવ્યા મુજબ અગાઉ પ્રિન્સીપાલશ્રી શ્રી બી.જે.ભાંડુતીયા, શાહ એન.એચ.કોમર્સ કોલેજ, વલસાડ કે જેઓ જે તે સમયના ભાજપના હોદ્દેદાર હતા. અને તેઓ ધ્વારા ના.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ કરેલ રીટ પીટીશન અંગે તત્કાલિન વલસાડના મે. કલેકટર સાહેબશ્રી, ધ્વારા ના.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ખુલ્લામાંથી વહેતા ગંદા પાણી તેમજ તિથલરોડ વિસ્તારનું વરસાદી પાણીના નિકાલ માટે પાઈપલાઈન નાખવાની બાંહેધરી આપવામાં આવેલ હતી.

ઉપરોકત બાબતે અરજદારશ્રી ધ્વારા વલસાડ નગરપાલિકા હસ્તકનું ટ્રીટમેન્ટ પ્લાન્ટ / પંપીગ સ્ટેશનના ડ્રેનેજના વહેતા ગંદા પાણીના નિકાલ માટે તેમજ તિથલ રોડ વિસ્તારનું વરસાદી પાણીના નિકાલ માટે પાઈપલાઈન નાખવા માટે અરજદારશ્રીની ખાનગી માલિકીની જગ્યામાંથી પાઈપ લાઈન નાખવાની જરૂરી લેખિત સંમતિ તા.ઃ૨૦–૦૨–૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ છે. ઉપરોકત હકીકતને ધ્યાને લઈ અરજદારશ્રીની આવેલ અરજી અન્વયે કમીટીમાં ચર્ચા વિચારણાના અંતે હાલે સદરહું કામ મુલતવી રાખી, વોર્ડ નં.–૧૦ ખાતે આવેલ તડકેશ્વર રોડથી ખંધારનગરી સુધી વરસાદી પાણીના નાળા નાંખવાની કામગીરી ના.સરકારશ્રીની અમૃત યોજના (૨૦૧૭–૨૦)**(SAAP)** ના વર્ષ હેઠળ કરવા તથા તે અંગેનો થનાર ખર્ચ મંજુર કરવા સમગ્ર સભાને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૭૩/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૨૫</u>
<u>વિષયઃ–</u>

જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.–અજન /સં.મ/ વિ.આયો.૨૦૨૨–૨૩ / દરખાસ્ત /૨૦૨૨ /૦૦૧–૦૧૩ /તા.૦૧–૧–૨૦૨૨ થી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ : ૨૦૨૨–૨૩ ના વર્ષમાં વિકાસના કામોનું આયોજન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, જીલ્લા આયોજન કચેરી વલસાડના પત્ર ક્રમાંક નં.–અજન /સં.મ/ વિ.આયો.૨૦૨૨–૨૩ / દરખાસ્ત /૨૦૨૨ /૦૦૧–૦૧૩ /તા.૦૧–૧–૨૦૨૨ થી આવેલ પત્રમાં જણાવ્યા મુજબ વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ વર્ષ : ૨૦૨૨–૨૩ ના વર્ષમાં વિકાસના કામોનું આયોજન કરવાનું જણાવેલ છે. સદરહુ કામોમાં સરકારશ્રીના તા.:૨૩–૧૦–૨૦૧૩ ના અને તા.: ૩૦–૦૯–૨૦૧૫ના ઠરાવ મુજબ કુલ મળવાપાત્ર જોગવાઈના ૧૫% થી વધુ સી.સી.રસ્તા અને ૧૫% થી વધુ પેવરબ્લોકના કામોનું આયોજન કરી શકાતું નથી. તે મુજબ સદરહું ગ્રાન્ટના કામોનું આયોજન કરવા જણાવેલ છે.જે હકીકતોથી વિદિત થતાં નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા પ્રકારના નીચે જણાવ્યા મુજબના કામો કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં અબ્રામા ખાતે આવેલ તડકેશ્વર પ્લોટમાં ડામર રોડનું કામ રૂા.૬,૫૦,૦૦૦/–
૨) વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં અબ્રામા ખાતે આવેલ ધારાનગર સુર્યદર્શનવાળી ગલીમાં ડામર રોડનું કામ રૂા.૩,૫૦,૦૦૦/–
૩) વોર્ડ નં.–૦૨,મણિલાલના ઘરથી ધનસુખભાઈ મિસ્ત્રીના ઘર સુધી ડ્રેનેજ લાઈન નાખવાનું કામ. રૂા.૩,૫૦,૦૦૦/–
૪) વોર્ડ નં.૫ માં કોચર ફળિયા વિસ્તારમાં ડ્રેનેજ લાઈન નાખવાનું કામ રૂા.૨,૦૦,૦૦૦/–
૫) વોર્ડ નં.૫ માં યુનિક રેસીડન્સીના પાછળ પ્રકાશભાઈનાં ઘરથી ગૌરાંગભાઈના ઘર સુધી વરસાદી ગટર નાંખવાનું કામ રૂા.૧૦,૦૦,૦૦૦/–

સ.મ.મંજુર.

**કા.સ.ઠ.નં.૨૭૪/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૨૬.</u>**
**<u>વિષયઃ–</u>**

**વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ (૧) બીનાનગર સોસાયટી,અબ્રામા, (પ્લોટ નં–૪૧ થી ૬૮ અને પ્લોટ નં.–૭૫ થી ૮૬) (૨) રોનક રો હાઉસ, તિથલ રોડ, (૩) શ્રી રાજેશ્વરી કો.ઓ.હા.સો.લી.,તિથલ રોડ, ખાનગી સોસાયટીઓના મુખ્ય તેમજ આંતરિક રોડ નગરપાલિકામાં સુપ્રત કરવા માટે તેમજ સદરહુ રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદમાં આવેલ જુદા જુદા વિસ્તારમાં ખાનગી સોસાયટીઓનું ડેવલપમેન્ટ હાલે ચાલુ છે. જે અન્વયે નીચે જણાવ્યા મુજબની ખાનગી સોસાયટીઓના રહીશો ધ્વારા વલસાડ નગરપાલિકાને તેઓની ખાનગી સોસાયટીના મુખ્ય રસ્તાઓ તેમજ આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કરવા સ્ટેમ્પ પેપર પર લખાણ કરી નોટરી કરાવી અત્રેની કચેરીએ રજુ કરેલ છે. જેમાં જણાવ્યા મુજબ જે તે ખાનગી સોસાયટીઓ ધ્વારા સદરહું સોસાયટીના આંતરિક રસ્તાઓ નગરપાલિકાને સુપ્રત કર્યેથી નગરપાલિકા તરફથી જે તે પ્રકારની પાયાની સુવિધાઓ પૂરી પાડવા જણાવેલ છે. તો સદરહું વિસ્તારની ખાનગી સોસાયટીઓના રસ્તા સુપ્રત કરવા બાબતે ધી ગુ.ન.અધિ.–૧૯૬૩ ની કલમ–૧૪૮ હેઠળ મળેલ સત્તાની રૂએ સદર રસ્તા તરીકે જાહેર કરવા બાબતે કોઈપણ ઈસમ થી આ જમીનના માલિકને નગરપાલિકાના આ ઈરાદા સામે વાંધો કે વિરોધ હોય તેવા ઈસમો પાસેથી વાંધાસૂચનો (૦૧ –માસ )માં મેળવવા અંગે જાહેર નોંસ પ્રસિઘ્ઘ તારીખ .:૦૫/૧૨/૨૦૨૧ ( ગુજરાત સમાચાર) થયેલ છે. જેની જાહેર નોટીશની મુદત પૂર્ણ થયેલ છે. જેમા કોઈ સોસાટયટીની વાંધા અરજી મુદતમાં આવેલ નથી. જે હકીકતોને ઘ્યાને લેતાં,નીચે જણાવ્યા મુજબની સોસાયટીઓના મુખ્ય તેમજ આંતરીક રોડ નગરપાલિકામાં સુપ્રત કરવા માટે તેમજ સદરહું રસ્તાઓને સાર્વજનિક રસ્તા તરીકે જાહેર કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું તેમજ નગરપાલિકાને ભવિષ્યમાં જનહિતના કામો જેવાં કે, પાણીની ટાંકી, ગાર્ડન વિગેરે કામો કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તે માટે ૧૫% કન્સ્ટ્રકશન કામ કરવાની શરતે મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**૧) બીનાનગર સોસાયટી, અબ્રામા, ( પ્લોટ નં.૪૧ થી ૬૮ અને પ્લોટ નં.૭૫ થી ૮૬).**

**૨) રોનક રો.હાઉસ, તિથલ રોડ.**

**૩) શ્રી રાજેશ્વરી કો.ઓ.હા.સો.લી.,તિથલરોડ.**

**સ.મ.મંજુર...**

કા.સ.ઠ.નં.૨૭૫/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

**કામ નં.–૨૭.**

**વિષયઃ–**

**વલસાડ નગરપાલિકા હસ્તકની મિલકતોને મરામત અને નિભાવણી કરવા અંગેના આવેલ કામે જરૂરી નિર્ણય થવા બાબત..**

**ઠરાવ.:–**

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની જુદી જુદી યોજના હેઠળ વલસાડ નગરપાલિકાધ્વારા નગરપાલિકા હસ્તકની નીચે જણાવ્યા મુજબની મિલકતોને નિભાવણી અને મરામત કરવા એજન્સી પરથી ઓફરો મંગાવી એજન્સીને નિમણુંક આપવામાં આવે તો દર માસે નગરપાલિકાની સારી એવી આવક ઉભી થાય તેવા શુભ આશયથી સદરહુ મિલકતોને નિભાવણી અને મરામત કરવા કન્સ્લટન્ટશ્રીની નિમણુંક કરી ટેન્ડર બનાવી જાહેર ખબર આપી ઓફરો મંગાવવા અંગેની કાર્યવાહી કરવાનું જ.બો.ઠ.નં.–૨૯ / તા.૩૧/૭/૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ.

ઉપરોકત બાબતે કન્સ્લટન્ટશ્રી ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગરની તા.:૧૨–૦૧–૨૦૨૧ ના રોજની અરજીમાં જણાવ્યા મુજબ ઉપરોકત જણાવ્યા મુજબના પ્રોજેકટોને મરામત / નિભાવણી કરવાના કામે ટેન્ડર બનાવવાના કામે સારી એવી જાણકારી ધરાવે છે. તેમજ સદરહું એજન્સીના આવેલ પત્રમાં જણાવ્યા મુજબ ગુજરાત સરકારના ટુરીઝમ કોર્પોરેશન ઓફ ગુજરાત લીમીટેડ (ટી.સી.જી.એલ) / એફોર્ડેબલ હાઉસીંગ મિશન ( એ.એચ.એમ.) / ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન (જી.યુ.ડી.એમ.)/ ગુજરાત રૂરલ હાઉસીંગ બોર્ડ/ જી.આઈ.ડી.સી.ની કન્સ્લટન્ટ એન્જીનીયરોનીમાન્ય પેનલમાં નોંધાયેલ છે. અને ઉપરોકત પ્રોજેકટોમાં મરામત / નિભાવણી કરવાના કામે ટેન્ડર બનાવવા માટે ૦૧ ( એક )પ્રોજેકટ દીઠ કન્સ્લટન્ટ ફી રૂ.૫૦,૦૦૦/– પુરા જણાવેલ છે.

જ.બો.ઠ.નં.–૨૯/તા.૩૧/૭/૨૦૨૧ થી મંજુર થયા મુજબ નગરપાલિકા હસ્તકની નીચે જણાવ્યા મુજબની મિલકતોને નિભાવણી અને મરામત કરવા અંગે જરૂરી ટેન્ડર બનાવવા માટે કન્સ્લટન્ટ શ્રી ધવલ એન્જીનીયર્સ, ગાંધીનગરને જરૂરી વર્કઓર્ડર આપવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

૧) સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ.
૨) મોરારજી દેસાઈ મ્યુઝીયમ અને ઓડીટોરીયમ હોલ.
૩) કલ્યાણ બાગ.
૪) મલ્ટીલેવલ પાર્કીગ.
૫) નગરપાલિકા સંચાલિત તમામ પોકેટ ગાર્ડન.
૬) નગરપાલિકા સંચાલિત તમામ પે એન્ડ પાર્ક પ્લોટ.
૭) મલાણિયું તળાવ,અબ્રામા.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૭૬/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

**કામ નં.–૨૮.**

**વિષયઃ–**

**ના.સરકારશ્રીની ૧૫માં નાણાંપંચના હુકમ નં.મફબ / યુ.–૨ /૧૫મુ નાણાંપંચ / પ્રથમ હપ્તો / ૨૦૨૦–૨૧ / ૭૫૨૩ તા.:૦૧–૦૬–૨૦૨૦ (૨) ના.સરકારશ્રીની ૧૫ માં નાણાંપંચના હુકમ નં. મફબ / યુ–૨/૧૫મું નાણાપંચ / બીજો હપ્તો (અનટાઈડ ગ્રાન્ટ) / ૨૦૨૦–૨૧/ ૫૪૪૫ ગ્રાન્ટની કુલ રકમ રૂા.૬૭,૩૩,૧૦૦/–માંથી નવા કામોનું આયોજન નકકી કરવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીની ૧૫માં નાણાંપંચના હુકમ નં.મફબ / યુ.૨/ ૧૫મુંનાણાંપંચ / પ્રથમ હપ્તો / ૨૦૨૦–૨૧ / ૭૫૨૩ તા.૦૧–૦૬–૨૦૨૦ (૨)ના.સરકારશ્રીની ૧૫માં નાણાંપંચના હુકમ નં.મફબ / યુ.૨/ ૧૫મુંનાણાંપંચ / બીજો હપ્તો(અનટાઈડ) / ૨૦૨૦–૨૧ / ૫૪૪૫થી ગ્રાન્ટોની ફાળવણી અત્રેની કચેરીએ કરવામાં આવેલ છે. વલસાડ નગરપાલિકા વલસાડને ગુ.મ્યુ.ફાઈ.બોર્ડ,ગાંધીનગર તરફથી ઉપરોકત જણાવેલ ૧૫મું નાણાંપંચની યોજનાની ગ્રાન્ટ હેઠળ રૂા.૧,૧૩,૫૫,૮૦૦/– પુરાની ગ્રાન્ટની ફાળવણી અત્રેની કચેરીએ કરવામાં આવેલ છે. સદરહું ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકીની ગ્રાન્ટ અન્વયે વલસાડ નગરપાલિકાના જનરલ બોર્ડ ઠરાવ નં.–૩૪ / તા.:૩૧–૦૭–૨૦૨૧ થી વલસાડ નગરપાલિકા હદમાં જુદા જુદા સ્થળોએ જુદા જુદા પ્રકારના કુલ–૨૧ કામો મંજુર કરવામાં આવેલ છે. સદરહું મંજુર થયેલ કામો પૈકી–૦૧ કામ ખાનગી હોવાથી નામંજુર કરવામાં આવેલ છે. જે પૈકી બાકી રહેલ ૨૦ કામો માટે જરૂરી તાંત્રિક મંજુરી મેળવવા માટે પ્રાદેશિકકમિશ્નર,સુરત ખાતે તા.:૦૧–૧૨–૨૦૨૧ ના રોજ મોકલવામાં આવતા સદરહું કચેરી ધ્વારા કામોની સ્થળતપાસ તા.:૦૯–૧૨–૨૦૨૧ ના રોજ કરવામાં આવતા કુલ–૦૭ કામો રદ કરેલ છે. અને રદ કરતાં બાકી રહેલ કુલ–૧૭ કામોની તાંત્રિક મંજુરી તા.: ૨૯–૧૨–૨૦૨૧ ના રોજ અત્રેની કચેરીએ મળેલ છે. જે હકીકતોથી વિદિત થતાં રદ કરેલ–૦૭ કામોની કુલ રકમ રૂા.૬૭,૩૩,૧૦૦/–રકમની મર્યાદામાં નવા કામોનું આયોજન કરવા અંગેનું આવેલ કામ હાલે મુલતવી રાખવા જ.બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૭૭/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

કામ નં.–૨૯

વિષયઃ–ના.સરકારશ્રીની ગુ.મ્યુનિ.ફાઈ બોર્ડના પત્ર ક્રમાંક નં.–દ.હુ.નં.મફબ / **SJMMSVY – UDP-88/**ત્રી.ત.**/2020-21/**ન.પા.–આં.મા.વિ/પ્ર.હ./૨૦૨૦/૧૨૨૧૧ /તા.૦૫–૦૮–૨૦૨૦ ની ગ્રાંટ પૈકી રૂા.૫૫,૦૭,૬૦૦/–માંથી કામો નકકી કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીના ગુ.મ્યુનિ.ફાઈ. બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાક નં. મફબ / **SJMMSVY ( UDP-88 ) / 2020-21 /** ન.પા./ આં.પા.વિ. /પ્ર.હ. /૨૦૨૦ /૧૨૨૨૧ / તા.૦૫–૦૮–૨૦૨૦ થી વલસાડ નગરપાલિકાને ૨૦૨૦–૨૧નાવિકાસલક્ષી કામો માટે રૂ.૫.૦૦ કરોડ ફાળવણી કરેલ છે. જે અન્વયે નગરપાલિકા દ્વારા જે તે પ્રકારના વિકાસલક્ષી  કામોનું આયોજન કરી જનરલ બોર્ડમાં જરૂરી ઠરાવ  કરવામાં આવેલ છે.

ના.સરકારશ્રીની ગુ.મ્યુનિ.ફાઈ. બોર્ડ, ગાંધીનગરના પત્ર ક્રમાક નં.દ.હુ.નં. મફબ / **SJMMSVY ( UDP-88 ) / 2020-21 /** ન.પા./ આં.પા.વિ. /પ્ર.હ. /૨૦૨૦ /૧૨૨૨૧ / તા.૦૫–૦૮–૨૦૨૦ થી ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અન્વયે નગરપાલિકા દ્વારાજ.બો.ઠ.નં.૮૬૨ / તા.૦૯–૧૧–૨૦૨૦ થી વલસાડ નગરપાલિકા હદમાં જુદા–જુદા પ્રકારના વિકાસલક્ષી કુલ–૨૯કામો મંજુર કરવામાં આવેલ. જે મંજુર કરેલ કામો પૈકી (**SCSP** ) '' સુઘડ ફળિયા વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ'' કે જેની નગરપાલિકા દ્વારા પ્રાદેશિક કમિશ્નર,સુરત તા.:૨૯–૦૯–૨૦૨૧ ના ખાતેથી સદરહુ કામની તાંત્રિક મંજુરી મેળવેલ. ત્યારબાદ નગરપાલિકા દ્વારા સદરહું મંજુર થયેલ કુલ–૨૧ કામોની વહીવટી મંજુરી મેળવવા અર્થે પ્રાદેશિક કમિશ્નર સુરત ખાતે તા. ૨૭–૧૦–૨૦૨૧ ના રોજ મોકલવામાં આવેલ. જે અન્વયે પ્રાદેશિકકમિશ્નર સુરત ખાતેથી તા.:૩૦–૧૦–૨૦૨૧ થી કુલ–૨૦ કામોની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે જેમાં ઉપરોકત જણાવેલ કામ (**SCSP** ) '' સુઘડ ફળિયા વિસ્તારમાં કોમ્યુનિટી હોલ બનાવવાનું કામ'' ની જમીનની માલિકીશ્રી સોનબાઈ મહેરબાઈ માતાજી, સુઘડ ફળિયા  મંડળના પ્રમુખશ્રી જયંતીભાઈ જોગીભાઈ પટેલના નામે હોય જે જમીન નગરપાલિકાની માલિકીની નહીં હોવાથી સદરહું કામ નામંજુર કરવામાં આવેલ છે. જેથી સદરહું નામંજુર કરવામાં આવેલ કામની રકમ

રૂા.૫૫,૦૭,૬૦૦/– પુરાની રકમના નવા કામોનું આયોજન કરવાનું થાય છે. તેમજ જનરલ બોર્ડમાં જનરલ સદર હેઠળ છોટુભાઈ પાર્ક ૧,૨,૩ માં ડામર રોડના રૂા.૧૭૬૦૭૦૦/– તેમજ ગીતાબેનના ઘર પાસેના વિસ્તારમાં પેવરબ્લોકના રૂા.૩૫૧૨૦૦/– પુરા એમ મળી કુલ રૂા.૨૧,૧૧,૯૦૦/–પુરાના કામો મંજુર કરવામાં આવેલ છે. પરંતુ સદરહું કામો ખાનગી સોસાયટીના હોય સદરહું સોસાયટી દ્વારા નગરપાલિકામાં રસ્તાઓ સુપ્રત કરેલ ન હોય જેથી મંજુર કરેલ (૩)કામો રદ કરવાના થાય છે. જેથી ઉપરોકત મંજુર કામોના કુલ રૂા.૭૬,૧૯,૫૦૦/– પુરાના નવા કામોનું આયોજન કરવાના થાય છે. જે નવા કામો નકકી કરી આયોજન કરવાની જરૂરી સત્તા  ચીફ ઓફિસરશ્રી, ચેરમેનશ્રી,કારોબારી સમિતિ, પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૭૮/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૩૦</u>

<u>વિષયઃ–</u>સ્ટ્ર મલ્ટીલેવલ પાર્કિંગ બનાવવાના કામે  પ્રોજેકટના નિમણુંક પામેલ કન્સ્લટન્ટશ્રી ધવલ એન્જીનીયર,ગાંધીનગર ધ્વારા એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબ સદરહુ કામમાં થયેલ વધારાની કામગીરી પૂર્ણ કરવા જુલાઈ–૨૦૨૨ સુધી સમય વધારો આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ના.સરકારશ્રીની અમૃત યોજના સને : ૨૦૧૭–૨૦ ના વર્ષ દરમ્યાન અર્બન ટ્રાન્સપોર્ટેશન સેકટરમાં મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લીક ( ગ્રાઉન્ડ ફલોર + એકમાળ ) બનાવવાના કામે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવતા મુદત દરમ્યાન કુલ–૨(બે) ટેન્ડરો આવેલ છે.સદરહુ કામની ટેન્ડરની આઈ.ડી.નં.–૩૪૦૬૦૭ છે. સદરહુ આવેલ ટેન્ડર ડોકયુમેન્ટ તેમજ ઓન લાઈન ટેન્ડર તા.:૧૮–૦૧–૨૦૧૯ ના રોજ ખુલ્લા કરવામાં  આવેલ છે. સદરહું ખુલ્લા કરવામાં આવેલ ટેન્ડરોનું તુલનાત્મક પત્રક જોતાં એકંદરે ઠેકેદારશ્રી મે.એસ.મે.સેલડીયા,સુરતનું ટેન્ડર એસ્ટીમેટેડ કોસ્ટ રૂ.૨૦૦૦૬૯૫૬.૧૨/– કરતાં ૫.૩૬ % નીચા ભાવથી આવેલ છે. જેથી નીચા ભાવ મુજબ રૂ.૧૮૯૩૪૫૮૩.૨૭/– પુરાનું સૌથી નીચા ભાવથી ટેન્ડર આવેલ છે. તો સદરહુ નીચા આવેલ ભાવ કા.સ.ઠ.નં.–૩૫૧ તા.૨૫–૦૨–૨૦૧૯ થી મંજુર કરવામાં આવેલ છે.

નગરપાલિકા દ્વારા તા.:૦૭ / ૦૩ /૨૦૧૯ ના વર્ક ઓર્ડર ૧૨ મહિનાના સમયગાળા માટે આપવામાં આવેલહતો પરંતુ ઠેકદારશ્રીની તા.:૦૪/૧૦/૨૦૧૯ ની અરજીમાં જણાવ્યા મુજબ સદર જગ્યા પર ડ્રેનેજ પાઈપ લાઈન હોવાથી તેને સિફ્ટિંગ કરવા માટે તેમજ ઠેકેદારશ્રીની તા.૧૪/૧૦/૨૦૧૯ની અરજીમાં તળાવની જગ્યા હોવાથી **SBC** લેવામાં તથા સ્ટ્રકચર ડીઝાઈન કરવામાં અને ખાતમુર્હત કરવામાં વિલંબ થતાં સદરહુ કામગીરી તા.:૧૩/૦૨/૨૦૨૦ ના રોજ શરૂ કરવામાં આવેલ હતી. સરકારશ્રી દ્વારા **COVID-19** ને વૈશ્વિક મહામારી જાહેર કરતાં, સરકારશ્રીના નિયમોનુસાર વધુ ૬ મહિનાનો સમય વધારો આપવાનો થાય છે. ઉપરોકત હકીકતને ધ્યાને લેતાં સદરહુ કામગીરીનો તા.:૧૩/૦૮/૨૦૨૧ ના રોજ સમયમર્યાદા પૂર્ણ થાય છે. જે હકીકત ધ્યાને લેતા એજન્સીના તા.:૩૦/૦૬/૨૦૨૧ ના અરજીમાં જણાવ્યા મુજબ વધારાના કામની મંજુરી મળેલ નહીં હોવાના કારણે કામગીરીમાં વિલંબ થાય છે. જે હકીકત જોતાં સોઈલ બેરીંગ કેપેસીટી (**SBC** ) ઓછી આવેલ છે અને અત્રે કચેરીએ જરૂરી ચર્ચા વિચારણા કરતાં તથા ભવિષ્યમાં

પાર્કિંગની સમસ્યાને ધ્યાને લઈ મલ્ટીલેવલ પાર્કિંગ ફોર પબ્લીકની સ્ટ્રકચર ડીઝાઈન કરવામાં આવેલ છે. ( બીજો માળ + ગ્રાઉન્ડ ફલોર) ધ્યાને લેતા સ્થળ ઉપર ટેન્ડર એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબની સ્ટ્રકચર ડીઝાઈન જેથી સદરહુ બાબતને કરતાં હેવી પાર્કિંગ બનાવવાના કામે સદરહુ સ્ટ્રકચર ડિઝાઈન જરૂરી છે. પ્રોજેકટના નિમણુંક પામેલ કન્સ્લટન્ટ શ્રી ધવલ એન્જીનીયર,ગાંધીનગર દ્વારા એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબ સદરહુ કામમાં થયેલ વધારાની કામગીરીનો એસ્ટીમેઈટ મુજબ રૂા.૬૨,૨૮,૯૧૦/– થી વધારો થવા જાય છે. સદરહુ ખર્ચ નગરપાલિકા દ્વારા કા.સ.ઠ.નં.૫૩ / તા.:૧૮/૦૭/૨૦૨૦ તથા જ.બો.ઠ.નં. ૮૦૧ / તા.૦૯/૧૧/૨૦૧૧ થી મંજુર કરેલ છે. જે અંગે ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર ખાતે જરૂરી આગળની મંજુરી મેળવવા અર્થે અત્રેની કચેરીએથી દરખાસ્ત સાદર કરેલ છે. અને હાલે સદરહુ દરખાસ્ત ગુજરાત શહેરી વિકાસ મિશન,ગાંધીનગર ખાતે પેન્ડીંગ છે. જેથી ઉપરોકત હકીકત ધ્યાને લેતા સદરહુ કામગીરી તથા વધારાની કામગીરી પૂર્ણ કરવા નગરપાલિકા દ્વારા કા.સ.ઠ.નં.૧૧૧/ તા.:૧૯/૦૭/ ૨૦૨૧ ના રોજ એજન્સીને વધુ ૩ મહિનાનો સમય વધારો આપવામાં આવેલ હતો. પરંતુ ગુજરાત શહેરી વિકાસ મિશન,ગાંધીનગરમાં હાલે વધારાની કામગીરીની મંજુરી દરખાસ્ત પેન્ડીંગ છે. જેથી એજન્સીની તા.૦૯/૧૨/૨૦૨૧ ની અરજીમાં જણાવ્યા મુજબ ગુજરાત શહેરી વિકાસ મિશન,ગાંધીનગરમાં હાલે વધારાની કામગીરીની મંજુરી નથી મળતી ત્યાં સુધી સદરહુ કામગીરીને જુલાઈ–૨૦૨૨ સુધી સમય વધારો આપવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૭૯/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૩૧.</u>**

**<u>વિષય:–</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૧–૨૦૨૨ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા. ૪૯૯૮૨૦૦૦૦/–તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૭૨૬૯૩૫૦૦/–રીવાઈઝડ બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૧–૨૦૨૨ ના વર્ષનું રીવાઈઝડ બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા. ૪૯૯૮૨૦૦૦૦/– તથા મહેસુલી ખર્ચ / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૫૭૨૬૯૩૫૦૦/– રીવાઈઝડ બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૮૦/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૩૨.</u>**

**<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૨–૨૦૨૩ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૩૫૦૩૩૦૦૦/–તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૬૬૧૯૩૫૦૦/– બજેટ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટી સમક્ષ રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા વલસાડનું સને ૨૦૨૨–૨૦૨૩ ના વર્ષનું બજેટ મહેસુલી આવક / ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૩૫૦૩૩૦૦૦/–તથા મહેસુલી ખર્ચ/ડીપોઝીટ અને એડવાન્સીસનું રૂા.૮૬૭૬૯૩૫૦૦/– બજેટ મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૮૧ / તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૩૩.</u>

<u>વિષય:–</u> ફીકસ પગાર ઉપર નિમાયેલ વાલ્મીકી કામદારો, મુકાદમો, તથા એસ.આઈ વિગેરેઓને કાયમી કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના આરોગ્ય શાખામાં ફરજ બજાવતા ઝાડુવાળા / વાલ્મીકી સફાઈ કામદારો, મુકાદમો તથા એસ.આઈ વિગેરેઓને તેઓના હુકમમાં જણાવેલ ૧ થી ૧૨ શરતોને આધીન તા.:૨૭/૧૨/૨૦૧૬ થી પાંચ વર્ષના ફીકસ પગારમાં નિમણુંક કરવામાં આવેલ હતી. તેઓની નિમણુંકનો પાંચ વર્ષનો સમયગાળો તા.: ૨૭/૧૨/૨૦૨૧ ના રોજ પૂર્ણ થાય છે. તેઓની નિમણુંકના ૧ થી ૧૨ શરતો પૈકી શરત નં.–૦૮" વાલ્મીકી કામદાર તરીકે પસંદ થયેલ ઉમેદવારોના નગરપાલિકા હસ્તકના પાંચ વર્ષની સંતોષકારક સેવા પૂર્ણ થયા બાદ તેઓને નિયત પગાર ધોરણ રૂા.૪૪૪૦–૭૪૦૦( ગ્રેડ પે–૧૩૦૦) માં સમાવવા વિચારણા કરી શકશે " ની જોગવાઈ જોતાં તેઓએ પાંચ વર્ષની સેવા સતોષકારક રીતે બજાવેલ હોઈ તેઓને શરત નં.–૧૧ " આ કરાર આધારિત પાંચ વર્ષ સેવા રજા, પગાર, પેન્શન કેસ, સીન્યોરીટી જેવા કોઈપણ નાણાંકીય લાભો માટે નિયમિત નોકરી સાથે જોડી શકશે નહીં" ના જોગવાઈ જોતાં તેઓને તા.:૨૭/૧૨/૨૦૨૧ થી કાયમી ધોરણે નિમણુંક કરવા માટે નગરપાલિકાએ નિર્ણય કરવાનો થાય છે.

ઉપરોકત હીકકતોથી વિદીત થતાં ચીફ સેનેટરી ઈન્સ્પેકટર,વ.ન.પા.ની નીચે જણાવેલ અ.નં. ૧ થી ૧૯ યાદી મુજબના, વાલ્મીકી સફાઈ કામદાર, મુકાદમ, એસ.આઈ. વિગેરેનો પાંચ વર્ષની ફરજ / સેવા સંતોષકારક રીતે બજાવેલ હોઈ તેઓને શરત નં.–૮ ની જોગવાઈ મુજબ નિયત – પગાર ધોરણમાં કાયમી કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

| અ.નં. | સફાઈ કામદારનું નામ | હોદ્દો | ઓર્ડર નંબર | નિમણુંક તારીખ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી કાલુભાઈ રામપાલભાઈ ચૌહાણ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૪ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૨ | શ્રી જયોતિષભાઈ રામપાલભાઈ ચૌહાણ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૫ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૩ | શ્રી શિવલાલ જુહારભાઈ ધારૂ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૬ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૪ | શ્રી દિનેશ જુહારભાઈ ધારૂ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૭ | ૨૭/૧૨/૨૦૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | શ્રી બળદેવ ગુલાબભાઈ વાઘેલા | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૮ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૬ | શ્રી સતીષ બાબુભાઈ ઘડીયલ | વાલ્મીકી સફાઈ કામદાર | ૩૯૯ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૭ | શ્રી નરેશ કાન્તીભાઈ સોલંકી | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૦ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૮ | શ્રી વિજય રામપ્રસાદ વાઘેલા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૧ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૯ | શ્રી તુષારભાઈ પ્રદિપભાઈ ખવાડીયા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૪ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૦ | શ્રી રાજેશભાઈ બાબુરાવ કન્ડારે | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૫ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૧ | શ્રી રવિ ધનેશભાઈ સોલંકી | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૬ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૨ | શ્રી વિજય બાબુભાઈ સોલંકી | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૭ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૩ | શ્રી આનંદ શ્યામભાઈ વાલોદરા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૮ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૪ | શ્રી રોનક રાજેશભાઈ ધરણીયા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૯ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૫ | શ્રી રાજુભાઈ વેસ્તાભાઈ સાવરીયા | વાલ્મીકી સફાઈ કામદાર | ૪૦૩ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૬ | શ્રી દીનેશ ભગુભાઈ પટેલ | મુકાદમ | ૪૧૦ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૭ | શ્રી હિતેશભાઈ લલ્લુભાઈ પટેલ | મુકાદમ | ૪૧૧ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૮ | શ્રી શંભુભાઈ એમ. જુંજ | મુકાદમ | ૪૧૨ | ૨૭/૧૨/૨૦૧૬ |
| ૧૯ | શ્રી ભાવિનભાઈ આઈ. દેસાઈ | એસ.આઈ | ૪૧૩ | ૨૭/૧૨/૨૦૧૬ |

સ.મ.મંજુર..

**કામ નં.–૩૪.**

**વિષયઃ– વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર / વારસાઈરૂએ નામફેર કરવાની આવેલ અરજીઓ અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની જુદા જુદા વિસ્તારોમાં આવેલ જુદી જુદી માર્કેટો, શોપીંગ સેન્ટરોની દુકાનોમાં નામ ટ્રાન્સફર, વારસાઈરૂએ નામફેર કરવાની જુદી જુદી નીચે જણાવેલ આવેલ અરજીઓ, લાયસન્સ ફી વસુલાત શાખા તેમજ ચીફ ઓફીસરશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ તથા જણાવેલ શરતોને આધીન રહી નામ ટ્રાન્સફર કરવા અંગેની જરૂરી આગળની નિયમોનુસાર કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | માર્કેટ / શોપીંગ સેન્ટરનું નામ. | દુકાન નંબર | નામ. | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૩૪ | નીલ દિનેશચંદ્ર છોવાલા | ટ્રાન્સફર |
| ૨ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૫૧ | ધનસુખલાલ છબીલદાસ ધીવાલા | ટ્રાન્સફર |
| ૩ | ડી.એન.શોપીંગ સેન્ટર | બીજો/૪૬ | હિતેશકુમાર ઠાકોરભાઈ પટેલ | ટ્રાન્સફર |
| ૪ | એન.એસ.બી. શોપીંગ સેન્ટર | પ્રથમ–૫ | અરૂણાબેન મહેન્દ્ર શાહ | ટ્રાન્સફર |
| ૫ | એન.એસ.બી. શોપીંગ સેન્ટર | ૩૧ | મોઈનદૃીન ઈકબાલ મેમણ | ટ્રાન્સફર |
| ૬ | આંબેડકર શોપીંગ સેન્ટર | સી–૪ | અતુલભાઈ જમનાદાસ ઠકકર વિગેરે | ટ્રાન્સફર |
| ૭ | જવાહર શોપીંગ સેન્ટર | ૧૪ | અબ્દુલનાસીર અલવી,અહમદ પી. એમ. વિગેરે | ટ્રાન્સફર |
| ૮ | મોરારજી દેસાઈ શોપીંગ સેન્ટર | ૩૫ | તીર્થાણી જયકુમાર ખુશાલભાઈ | ટ્રાન્સફર |
| ૯ | ઈન્દીરા ગાંધી શોપીંગ સેન્ટર | ૪૩ | જીગરાની અસગરઅલી ઈબ્રાહીમ વિગેરે | ટ્રાન્સફર |
| ૧૦ | મોરારજી દેસાઈ શોપીંગ સેન્ટર | ૫૪ | શાહ મહાવીર મગનલાલ | ટ્રાન્સફર |
| ૧૧ | ર્ડા.આંબેડકર શોપીંગ સેન્ટર | એ–૧ | દિપાલી હેમંતકુમાર ધીવાલા વિગેરે | ટ્રાન્સફર |
| ૧૨ | ઈશ્વરભાઈ દેસાઈ શોપીંગ સેન્ટર | પ્રથમ–૧૦ | વિમલકુમાર હસમુખભાઈ લાડાણી | ટ્રાન્સફર |
| ૧૩ | ડી.એન.શોપીંગ સેન્ટર | બીજો માળ,૩૨,૩૩,૩૪ | મનીષભાઈ કાંતિભાઈ ભરૂચા | ટ્રાન્સફર |
| ૧૪ | ડી.એન.શોપીંગ સેન્ટર | બીજો માળ–૨૯ | મનીષભાઈ કાંતિભાઈ ભરૂચા | ટ્રાન્સફર |
| ૧૫ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૧૦ | ગુલામ મોહમદ અબ્દુલરહીમ રાજા વિગેરે | વારસાઈ |
| ૧૬ | ડી.એન.શોપીંગ સેન્ટર | ૧૬–૧૭ | સીદૃીક ઈબ્રાહીમ ભામજી | વારસાઈ |
| ૧૭ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | ૪૮ | આયશાબીબી અનવરહુસેન શેખ વિગેરે | વારસાઈ |
| ૧૮ | એન.એસ.બી.શોપીંગ સેન્ટર | ૨૭ | રક્ષાબેન કિરીટકુમાર સોલેરા વિગેરે | વારસાઈ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | રંગ ઉપવન શોપીંગ સેન્ટર | ૦૧ | નસીમબાનુ ગુલામ ખ્વાજા શેખ વિગેરે | વારસાઈ |
| ૨૦ | મોરારજી દેસાઈ માર્કેટ | ૪૭ | મનોજકુમાર મોહનલાલ મોદી વિગેરે | વારસાઈ |
| ૨૧ | સરદાર માર્કેટ | ૧૧ | વિજયકુમાર સૌભાગ્યચંદ્ર શાહ | વારસાઈ |
| ૨૨ | મોરારજી દેસાઈ શોપીંગ સેન્ટર | ૨૭ | સંદિપકુમાર મદનલાલ લોઢા | વારસાઈ |

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૮૩ / તા.:૨૧–૦૨–૨૦૨૨

---

**<u>કામ નં.–૩૫</u>**

**<u>વિષય:–</u> સરકારશ્રીની સ્વેચ્છા સર્વેક્ષણ યોજના હેઠળ કરવાની થતી કામગીરી કરાવવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૨ કાર્યક્રમ ચાલી રહેલ છે.સરકારશ્રી ધ્વારા આવતા પ્રોગ્રામો અને સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨ ની કામગીરી પણ કરવાની હોય આ તમામ કામગીરીને ઉપલબ્ધ કામદારોથી પહોંચી વળી શકાય તેમ ન હોય.**

**ઉપરોકત બાબતોથી વિદિત થતા સ્વચ્છતા સર્વેક્ષણ યોજના હેઠળ આવતી ગ્રાંટમાંથી કરવાની થતી કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૮૪ / તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>કામ નં.–૩૬</u>**

**<u>વિષય:–</u> વલસાડ શહેરમાં પ્રિમોન્સુન કામગીરી કરાવવા બાબત..**

**<u>ઠરાવ.:</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૨ કાર્યક્રમ ચાલી રહેલ છે. અને આગામી ચોમાસાની સિઝન પહેલા દર વર્ષે પ્રિમોનસુન કામગીરી પણ નગરપાલિકાએ કરવાની થાય છે.**

**આરોગ્ય શાખાએ કરવી પડતી રોજેરોજની રૂટીન કામગીરી તેમજ સભ્યશ્રીઓ ધ્વારા આપવામાં આવતી કામગીરી અને સરકારશ્રી ધ્વારા આવતા પ્રોગ્રામો અને સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨ ની કામગીરી પણ કરવાની હોય આ તમામ કામગીરીને ઉપલબ્ધ કામદારોથી પહોંચી વળી શકાય તેમ ન હોય.**

**ઉપરોકત બાબતોથી વિદિત થતા સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૨ અને પ્રિમોનસુન કામગીરી કરવાની હોય સદર કામગીરી માટે વધારાના નગરપાલિકા ધ્વારા રોજિંદા કર્મચારીઓ ( ટુંકા સમય માટે ) અથવા કોઈ એજન્સી પાસેથી મંજુર થયેલ ભાવે ઉપરોકત કામગીરી માટે ૪૦ જેટલા કામદારો રાખવા તથા બે (૨) જે.સી.બી. બે(૨) ટ્રેકટરો પ્રિ.મોન્સુન કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી(૩–માસ) માટે રાખવાનું તેમજ ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રીની યાદીમાં જણાવ્યા મુજબના નગરપાલિકાના જુદા જુદા વિસ્તારોમાં પ્રિમોન્સુન કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૮૫/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૩૭</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાના વિવિધ વિભાગોમાં આવેલ વિવિધ ટેન્ડરો મંજુર કરી બહાલી આપવા બાબત..

<u>ઠરાવ.:</u>

(૧) વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રસ્તાની મધ્યમાં સ્ટ્રીટલાઈટના ઈલેકટ્રીક પોલ ઉપર ૨'–૬" ×૩'–૦૦" બોર્ડની સાઈઝના જાહેરાતના બોર્ડ મુકવા અંગેના આવેલ ટેન્ડરના ભાવ મંજુર કરવા બાબત..

વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રસ્તાની મધ્યમાં સ્ટ્રીટલાઈટના ઈલેકટ્રીક પોલ ઉપર ૨'–૬" ×૩'–૦૦" બોર્ડની સાઈઝના જાહેરાતના બોર્ડ મુકવા અંગે નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં જાહેરાત આપી બહોળી પ્રસિધ્ધી કરાવી સીલ બંધ કવરમાં ભાવપત્રક તા.:૨૨–૧૧–૨૦૨૧ સુધીમાં નગરપાલિકા કચેરીએ મળે તે રીતે મંગાવવામાં આવેલ છે. સદરહું સીલ બંધ કવર મુદત દરમ્યાન કુલ–૦૩ એજન્સીના ભાવપત્રકો આવેલ છે. સદરહુ આવેલ ભાવપત્રકો તા.:૨૪–૦૧–૨૦૨૨ ના રોજ ચીફઓફિસરશ્રી, પ્રમુખશ્રી તેમજ ચેરમેનશ્રી,કારોબારી સમિતિની રૂબરૂમાં ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહુ ખુલ્લા કરવામાં આવેલ ભાવપત્રકોનું તુલતાત્મક પત્રક નીચે મુજબ છે.

| અનુ.નં. | કામની વિગત | પૃથ્વી એડવરટાઈઝીંગ, બેચરરોડ,વલસાડ. | શિવ આઉટડોર એડવરટાઈઝીંગ, મ્યુનિસિપલ સ્કુલની સામે, બેચરરોડ,વલસાડ | હર્ષ આઉટડોર એડવરટાઈઝીંગ, ૪૦૨, અજંતા એપાર્ટમેન્ટ, બેચરરોડ,વલસાડ. |
|---|---|---|---|---|
| ૧ | વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રસ્તાની મધ્યમાં સ્ટ્રીટલાઈટના ઈલેકટ્રીક પોલ ઉપર ૨'–૬" ×૩'–૦૦" બોર્ડની સાઈઝના જાહેરાતના બોર્ડ (૧ જાહેરાત બોર્ડનો વાર્ષિક ભાવ) | ૩૨૫૦/– | ૪૦૦૦/– | ૪૭૦૦/– |
| | | ડીપોઝીટ સામેલ છે | ડીપોઝીટ સામેલ છે | ડીપોઝીટ સામેલ છે |

ઉપરોક્ત તુલનાત્મક પત્રક જોતાં એકંદરે આવેલ ત્રણ એજન્સી પૈકી, હર્ષ આઉટડોર એડવરટાઈઝીંગ, ૪૦૨,અજંતા એપાર્ટમેન્ટ, બેચરરોડ,વલસાડના એક જાહેરાત બોર્ડનો વાર્ષિક ભાવ રૂપિયા–૪૭૦૦/–અંકે રૂા.ચાર હજાર, સાતસો પુરાનો સૌથી વધુ ભાવ આવેલ છે. જેથી સદરહુ વધુ આવેલ ભાવ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

(૨) સને ૨૦૨૧–૨૨ ના વર્ષ માટે નગરપાલિકાના જુદા જુદા શાખાઓના છાપકામ, સ્ટેશનરી, ઝેરોક્ષ , કલર ફોટોગ્રાફી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ માટે જરૂરી સાઉન્ડ સીસ્ટમ ભાડે આપવા વિગેરે કામગીરી અંગેના ટેન્ડરોના આવેલ ભાવો મંજુર કરવા બાબત..

ઠરાવ.:–

વલસાડ નગરપાલિકામાં સને ૨૦૨૧–૨૨ના વર્ષ માટે નગરપાલિકાના જુદા જુદા શાખાઓ માટે છાપકામ, સ્ટેશનરી, ઝેરોક્ષ, કલર ફોટોગ્રાફી તથા વિડીયો ગ્રાફી, સાંસ્કૃતિક કાર્યક્રમના કામ અંગે મે.નાયબ માહીતી નિયામકશ્રી, વલસાડ મારફતે તા.:૧૬–૧૧–૨૦૨૧ ના રોજ સંદેશ–દૈનિક પેપરમાં આવૃત્તિમાં જાહેરાત પ્રસિધ્ધી કરાવી તા.: ૨૫–૧૧–૨૦૨૧ સુધીમાં રજી.પો.એ.ડી.થી ટેન્ડરો મંગાવવામાં આવતા, મુદત દરમ્યાન છાપકામના–૨(બે)ટેન્ડર, સ્ટેશનરીના –૨(બે) ટેન્ડર, ઝેરોક્ષના– ૫(બે)ટેન્ડર,કલર ફોટોગ્રાફી તથા વિડીયો ગ્રાફીના–૩(ત્રણ),તથા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે જરૂરી સાઉન્ડ સીસ્ટમ ભાડે આપવા અંગેના ૩(ત્રણ) ટેન્ડર, એમ કુલ –૧૫(પંદર) ટેન્ડરો અલગ અલગ એજન્સીના અત્રેની કચેરીએ મળેલ છે. જે તા.: ૨૧–૦૨–૨૦૨૨ ના રોજ ચીફ ઓફિસરશ્રી, ચેરમેનશ્રી,કારોબારી કમીટી, પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકા સમક્ષ ખુલ્લા કરવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

(૧) છાપકામ અંગેના ટેન્ડરો.

.........................

અ.ન. એજન્સીનું નામ / સરનામુ.

(૧) શિવમ પ્રિન્ટર્સ,................–ખડકીભાગડા, વલસાડ.
(૨) આયુષ એન્ટરપ્રાઈઝ..........–નવસારી.

(૨) સ્ટેશનરીના અંગેના ટેન્ડરો.

..............................

(૧) મીરલ સપ્લાયર્સ..............– નવસારી
(૨) બીના સ્ટેશનરી માર્ટ ..........– નવસારી

(૩) ઝેરોક્ષના અંગેના ટેન્ડરો.

...............................

(૧) મિનાલી ટ્રેડીંગ કું,...........– સ્ટેડિયમ રોડ,વલસાડ.
(૨) ખુશ્બુ ઝેરોક્ષ................ –વલસાડ.

(૩) સિધ્ધી વિનાયક ઝેરોક્ષ,.......–રાજનનગર, અબ્રામા,વલસાડ.
(૪) હેપ્પી ઝેરોક્ષ,.................–વલસાડ.
(૫) ગજાનંદ ઝેરોક્ષ,...............–વલસાડ.

(૪) કલર ફોટોગ્રાફી તથા વિડીયો ગ્રાફી અંગેના ટેન્ડરો.

..............................................

(૧) સની વિડીયો શુટીંગ, ..........–અતુલ, વલસાડ.
(૨) જીતેન્દ્ર શાંતિલાલ માહયાવંશી...– સલવાવ,વાપી.
(૩) અબ્દુલ રહેમાન શેખ...........– મોટા તાઈવાડ,વલસાડ.

(૫) સાંસ્કૃતિક કાર્યક્રમ માટે જરૂરી સાઉન્ડ સીસ્ટમ ભાડે આપવા અંગેના ટેન્ડરો.

---

(૧) રામગીરી ડેકોરેટર્સ,.............. –મોટા પારસીવાડ,વલસાડ.
(૨) ગુરૂકૃપા મંડપ & લાઈટ ડેકોરેટર્સ,..–વરાછા રોડ,સુરત.
(૩) શ્રી સારંગ મંડપ ડેકોરેટર્સ.........– અડાજણ, સુરત.

ઉપરોકત આવેલ કુલ–૧૫,ટેન્ડરો ચીફ ઓફીસરશ્રી, ચેરમેનશ્રી કારોબારી સમીતી, પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકા સમક્ષ ખુલ્લા કરવામાં આવેલ છે જેનું તુલનાત્મક પત્રક બનાવી રજુ કરેલ છે.

ઉપરોકત આવેલ ટેન્ડરોના તુલનાત્મક પત્રકો જોતાં, છાપકામના, સ્ટેશનરીના, આવેલ ટેન્ડરોમાં તુલનાત્મક પત્રકમાં લાલ કલરથી અંદર લાઈન કરેલ ભાવો સૌથી ઓછા આવેલ છે.જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરી, મંજુર થયેલ ભાવોએ કામગીરી કરાવવાનું તથા ઝેરોક્ષ અંગેના કુલ–૦૫, ટેન્ડરો આવેલ છે. જે પૈકી હેપ્પી ઝેરોક્ષ,વલસાડના ભાવો સૌથી ઓછા આવેલ છે. જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરવાનું તેમજ કલર ફોટોગ્રાફી તથા વિડિયોગ્રાફી અંગેના કુલ–૦૩, ટેન્ડરો આવેલ છે. જે પૈકી સની વિડિયો શુટીંગ,અતુલ વલસાડના ભાવો સૌથી ઓછા આવેલ છે. જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરવાનું તથા સાંસ્કૃતિક કાર્યક્રમ માટે જરૂરી સાઉન્ડ જરૂરી સાઉન્ડ સીસ્ટમ ભાડે આપવા અંગેના કુલ–૦૩,ટેન્ડરો આવેલ છે. જે પૈકી રામગીર ડેકોરેટર્સ,મોટા પારસીવાડ,વલસાડના ભાવો સૌથી ઓછા આવેલ છે. જે સૌથી ઓછા આવેલ ભાવો મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં, ઉપરોકત આવેલ ટેન્ડરો પૈકી જે તે ટેન્ડરરો, સદર મંજુર થયેલ ભાવો પ્રમાણે ઉપરોકત કામગીરી કરવા તૈયાર હોય, તેવા ટેન્ડરરો પાસે સંમતી લેટર મેળવી,મંજુર થયેલ ભાવોએ કામગીરી કરાવવાનું તથા ટેન્ડરરો સાથે જરૂરી કરારખત કરાવી લેવાનું ઠરાવવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૮૬/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>કામ નં.–૩૮</u>

<u>વિષયઃ–</u> વલસાડ નગરપાલિકાની માલીકીની જુદી જુદી આવેલ મિલકતોના ભાડામાં વધારો કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાની માલીકીની જુદી જુદી આવેલ મિલકતોના ભાડામાં વધારો કરવા બાબતનું આવેલ કામે, કમીટીમાં ચર્ચા વિચારણાંને અંતે સદરહું આવેલ કામે જરૂરી નિર્ણય કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૮૭/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

કામ નં.–૩૯

વિષયઃ– ૧૨૦ આવાસોના માલીકી હકક આપવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

ઠરાવ.:

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા હદ વિસ્તાર શાકભાજી માર્કેટમાં આવેલ ૧૨૦ આવાસોના માલીકી હકક આપવા અંગેનું આવેલ કામે, કમીટીમાં ચર્ચા વિચારણાંને અંતે સદરહું આવેલ કામ નીતિવિષયક હોઈ, આ અંગેનો જરૂરી નિર્ણય કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

અધ્યક્ષ સ્થાનેથી રજુ થતાં અન્ય કામો..

કા.સ.ઠ.નં.૨૮૮/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

વ.કા.નં.–૧.

વિષયઃ–ના.સરકારશ્રીની **SJMMSVY – UDP-88-2021-22** હેઠળ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક : સજય / ૧૦૨૦૧૨ / ૨૨૭ /(પાર્ટ)/ ધ / ૩૦–૦૬–૨૦૨૧ની ગ્રાન્ટ પૈકી રકમ રૂા.૨૯,૬૬,૫૦૦/–માંથી નવા કામોનું આયોજન નકકી કરવા બાબત..

ઠરાવ.:–

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની **SJMMSVY** -સજય / ૧૦૨૦૧૨ /૨૨૭/(પાર્ટ )/ધ / ૩૦–૦૬–૨૦૨૧ થી અત્રેની કચેરીને રૂા.૫.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. ના. સરકારશ્રીધ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટ અન્વયે નગરપાલિકા ધ્વારા સમગ્ર સભા ઠરાવ નં.–૭૫ / તા.: ૩૧–૦૭–૨૦૨૧ થી કુલ–૩૫ વિકાસલક્ષી કામો મંજુર કરવામા આવેલ છે. સદરહું મંજુર થયેલ કામોની તાંત્રિક મંજુરી માટે કાર્યપાલક ઈજનેરશ્રી,પ્રાદેશિક કમિશ્નર,સુરત ખાતે તાંત્રિક મંજુરી માટે મોકલવામાં આવતા સદરહુ કચેરી ધ્વારાતા.:૦૯–૧૨–૨૦૨૧ના રોજ કામોની સ્થળ તપાસ કરતાં કુલ–૩૫ કામો પૈકી ૦૩ કામો રદ કરવામાં આવેલ છે. અને ૩૨ કામોની તાંત્રિક મંજુરી તા.:૨૯–૧૨–૨૦૨૧ ના રોજ અત્રેની કચેરીએ મળેલ છે.

ઉપરોકત હકીકતોથી વિદિત થતાં સદરહુ રદ કરેલ ૦૩ કામોની કુલ રકમ રૂા.૨૯,૬૬,૫૦૦/–નીચે મુજબ છે. તો રદ થયેલ કામોની રકમની મર્યાદામાં નવા કામોનું આયોજન કરવા માટે ની જરૂરી સત્તા ચીફ ઓફિસરશ્રી, ચેરમેનશ્રી,કારોબારી સમીતી,પ્રમુખશ્રી, વલસાડ નગરપાલિકાને આપવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૮૯/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૨.</u>**

**<u>વિષયઃ–</u>૧૪મું નાણા પંચની યોજના હેઠળ શહીદ ચોક વિસ્તારથી રમેશ બેકરી સુધી વરસાદી ગટર બનાવવાના કામનું ઠેકેદારશ્રી શાંતિલાલ કે. બારીયા,અબ્રામા, વલસાડ ધ્વારા ઉપરોકત સ્થળે વરસાદી ગટર બનાવવાની કામગીરી પુર્ણ કરી તે અંગેનું પ્રથમ અને છેલ્લું બીલની રકમરૂ.૧૪૨૨૫૯૭/–પુરાનું મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.ઃ–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ શહિદ ચોક ગ્રાઉન્ડના આજુ બાજુના વિસ્તારનું વરસાદી સીઝનમાં વરસાદી પાણીનો ભરાવો શહિદ ચોક ચાર રસ્તા થઈ માજી વિધાનસભા અધ્યક્ષ માન.બરજોરજી પારડીવાલા ધર થઈ રમેશ બેકરી સુધીના વિસ્તારમાં રસ્તા ઉપર વરસાદી પાણીનો ભરાવો થતો હોય, સદરહુ વિસ્તારના રહીશોને ચોમાસાની સીઝન દરમ્યાન સદરહુ રસ્તા ઉપર અવર–જવર કરવામાં ખુબજ મુશ્કેલીઓ પડતી હોય, અને સદરહું વિસ્તારમાં શાકભાજીનું વેચાણ તેમજ મટન તેમજ મચ્છી માર્કેટ આવેલ હોય, વલસાડ નગરના શહેરીજનો રોજબરોજ સદરહું માર્કેટમાં ખરીદી કરવા માટે અવર–જવર કરતાં હોય છે. જેથી સદરહું વિસ્તારના રહીશો તેમજ વલસાડ નગરપાલિકાના સભ્યશ્રીઓની ચોમાસાની સીઝન દરમ્યાન સદરહું વિસ્તારમાં વરસાદી પાણી ભરવા અંગેની ફરીયાદો અત્રેની કચેરીએ અવાર–નવાર આવતી રહે છે. અને નગરપાલિકાના ઈજનેરશ્રી ધ્વારા સદરહુ સ્થળે સ્થળ તપાસ કરતાં સદરહુ વિસ્તારની આવેલ વરસાદી પાણી ભરાવા અંગેની ફરીયાદ વ્યાજબી જણાતી હોય, સદરહું વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાની જરૂરીયાત જણાય છે. જેથી સદરહુ ફરીયાદનો કાયમી નિકાલ કરવા માટે શહિદચોક, ચાર રસ્તા સાગર એપાર્ટમેન્ટની પાસેથી માજી વિધાનસભા અધ્યક્ષ માન. બરજોરજી પારડીવાલા તેમજ માન. ગુજરાત હાઈકોર્ટ જજના ધર થઈ રમેશ બેકરી સુધીના વિસ્તારમાં વરસાદી ગટર (બોક્ષ ડ્રેઈન ) બનાવવામાં આવે તો સદરહું વિસ્તારના રહીશોની પાણી ભરાવા અંગેની ફરીયાદનો નિકાલ આવી શકે તેમ છે.**

**સદરહુ વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાના કામે સને : ૨૦૧૫–૧૬ ના SOR મુજબ એસ્ટીમેઈટની રકમ રૂા.૧૬,૫૩,૫૦૦/–પુરા સમગ્ર સભા ઠરાવ નં.–૬૭ / તા.:૩૧–૦૭–૨૦૨૧ થી મંજુર કરવામાં આવેલ છે. સદરહું મંજુર કરવામાં આવેલ એસ્ટીમેઈટને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન ( પેટા વિભાગ ),વલસાડ પાસેથી તા.:૦૧–૧૨–૨૦૨૧ થી જરૂરી**

તાંત્રિક મંજુરી મેળવેલ છે. અને સદરહું કામગીરી વરસાદી સીઝનને ધ્યાને લઈ તાકીદે કામગીરી કરાવવાની જરૂરીયાત હોવાથી કા.સ.ઠ.નં.–૨૭૭ / તા.:૧૨–૧૧–૨૦૨૦ થી ( ટેન્ડર આઈ.ડી.નં.–૪૩૦૫૯૮ ) થી ઠેકેદારશ્રી શાંતિલાલ કે. બારીયા, વલસાડનું વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં વરસાદી ગટર બનાવવાનું કામનું ટેન્ડર મંજુર કરવામાં આવેલ છે. સદરહું એજન્સી પાસેથી કા.સ.ઠ.નં.–૨૭૭ / તા.:૧૨–૧૧–૨૦૨૦ મંજુર થયેલ ભાવોથી ઉપરોકત કામગીરી કરવા અંગે જરૂરી લેખિત સંમતિ આપેલ છે. જે અન્વયે વલસાડ નગરપાલિકા ધ્વારા ઉપરોકત હકીકતોને ધ્યાને લેતા અને ઉપરોકત કામગીરી તાકીદે કરવાની જરૂરીયાત હોવાથી ઠેકેદારશ્રી શાંતિલાલ કે. બારીયા,અબ્રામા, વલસાડને અત્રેની કચેરીએથી પત્ર જાવક નં.–૧૩૧૭ / તા.: ૨૧–૦૬–૨૦૨૧ થી જરૂરી વર્કઓર્ડર આપી સ્થળ ઉપર કામગીરી કરાવવામાં આવેલ છે. ઠેકેદારશ્રી ધ્વારા ઉપરોકત સ્થળે વરસાદી ગટર બનાવવાની કામગીરી પૂર્ણ કરી તે અંગેનું પ્રથમ અને છેલ્લું બીલની રકમ રૂા.૧૪,૨૨,૫૯૭/– પુરાનું બીલ અત્રેની કચેરીએ રજુ કરેલ છે. સદરહુ કરેલ કામગીરીને બહાલ રાખી આવેલ બીલનું ચુકવણું કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૯૦/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>વ.કા.નં.–૩.</u>

<u>વિષયઃ–</u>પ્રધાનમંત્રી આવાસ યોજના **(PMAY)** હેઠળ વલસાડ નગરપાલિકા હદમાં લાભાર્થીઓને સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવેલ એડવાન્સ હપ્તા પેટેની રકમ રૂા.૩૦,૦૦૦/– પરત લેવા જમીન અંગેના દસ્તાવેજ પર બોજો નાખવા અંગેના કામ અંગે નિર્ણય થવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની પ્રધાનમંત્રી આવાસ યોજના **(PMAY)** હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં આવાસ બાંધકામ બાબતે લાભાર્થીઓ ધ્વારા આવાસ બાંધકામ અંગેનું ફોર્મ સદરહુ યોજનાના કન્સલટન્ટ ધ્વારા ચકાસણી કરી **DPR-1 & 2** માં મંજુર કરી જરૂરી કરારખત કરી આવાસ મંજુર કરવામાં આવેલ છે. અને સદરહું આવાસ બાંધકામ અર્થે લાભાર્થીને આવાસ બાંધકામ અંગેના એડવાન્સ હપ્તા પેટે રૂા.૩૦,૦૦૦/– પુરા લાભાર્થીના બેન્ક ખાતામાં જમા કરવામાં આવેલ છે. લાભાર્થીના મંજુર થયેલ આવાસ બાબતે કરેલ લાભાર્થીઓ ધ્વારા કરવામાં આવેલ કરારખતની શરતોમાં જણાવ્યા મુજબ પ્રથમ હપ્તાની રકમ જમા થયેથી દિન–૪૫ માં આવાસ બાંધકામની કામગીરી શરૂ કરવાનું જણાવેલ છે. જે અંતર્ગત લાભાર્થીઓ ધ્વારા આજ દિન સુધી નિયમોનુસાર ૩૦.૦૦ ચો.મી.ની બાંધકામની કામગીરી શરૂ કરેલ નથી. જે અંતર્ગત નિયમોનુસાર ૩૦.૦૦ ચો.મી.ની બાંધકામની કામગીરી શરૂ કરવા તેમજ બાંધકામ કરવા ઈચ્છતા ન હોવો તો સરકારશ્રીમાં નાણા જમા કરવા માટે ૦૩ નોટીસો આપવામાં આવેલ હતી. પરંતુ આજદિન સુધી લાભાર્થીઓ ધ્વારા નોટીસ અન્વયે નાણાં પરત કરવાની કામગીરી કરવામાં આવેલ નથી.

વધુમાં, ના.સરકારશ્રીની સુચના મુજબ સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવેલ એડવાન્સ હપ્તા પેટેની રકમ રૂા.૩૦,૦૦૦/–પુરા એફોર્ડેબલ હાઉસીંગ મિશન,ગાંધીનગરના બેન્ક ખાતામાં ડીમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાના થાય છે. જે આજ દિન સુધી લાભાર્થીઓ ધ્વારા સરકારશ્રીને પરત કરવામાં આવેલ નથી. જે અન્વયે તા.:૨૫/૧૦/૨૦૨૧ ના રોજ મે. પ્રાદેશિક કમિશ્નરશ્રી,નગરપાલિકાઓ (સાઉથ ઝોન ) સુરતના અધ્યક્ષ સ્થાને મળેલ મીટીંગમાં મે. પ્રાદેશિક કમિશ્નરશ્રીની મૌખિક સુચના મુજબ લાભાર્થીએ નગરપાલિકામાં ખોટા પુરાવા રજુ કરી સરકારશ્રીના એડવાન્સ હપ્તા પેટે રૂા.૩૦,૦૦૦/– ચુકવેલ નાણાની ઉચાપત કરેલ હોય, તે લાભાર્થી પાસેથી નાણાં પરત લેવા માટે લાભાર્થી મિલકતના પુરાવા અંગે રજુ કરેલ જમીન અંગેના

દસ્તાવેજ સામેલ છે. જેના પર એડવાન્સ હપ્તા પેટે રૂા.૩૦,૦૦૦/– ચુકવેલ નાણાનો બોજો નાખવા જણાવેલ છે. જે અન્વયે વલસાડ નગરપાલિકા ધ્વારા અનુસંધાન (૨) અને (૩) થી અનુક્રમે સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી, વલસાડની કચેરી તેમજ મે. કલેકટરશ્રી, વલસાડને જરૂરી પત્રવ્યવહાર કરી બોજો નાખવા કાર્યવાહી કરવા જણાવેલ હતું. જે અન્વયે અનુસંધાન (૪) મુજબ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,વલસાડ મુજબ બાકી લેણા નીકળતાં નાણાં અંગેનો સીટી સર્વે નંબર, અરજદારોનું નામ વિગેરે વિગત સાથે વિગતવાર હુકમ થવા જણાવેલ છે. જે અનુસાર અધિક કલેકટરશ્રી, પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ (સાઉથ ઝોન ), સુરત ધ્વારા અનુસંધાન (૬) થી પાકા મકાન ધરાવતા લાભાર્થીઓના પાકા મકાન પર બોજો નાખવા જરૂરી ચકાસણી કરી નિયમોનુસાર કાર્યવાહી કરવા જણાવેલ છે. જે અન્વયે ઉપર જણાવ્યા અનુસાર નગરપાલિકાના વેરા શાખાને જરૂરી રૂા.૩૦,૦૦૦/–નો બોજો( લાભાર્થીની યાદી આ સાથે સામેલ છે. ) નાખવા અંગેની જરૂરી આગામી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૯૧/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૪.</u>**

**<u>વિષયઃ–</u> ફાયર શાખાને ડીઝાસ્ટર મેનેજમેન્ટમાંથી આપેલ ફોર્સો કંપની ધ્વારા મળેલ વાહન રજીસ્ટ્રેશન નંબરઃ GJ:15-G-727 વાહનને સર્વિસ કરાવવાની જરૂરીયાત માટે અંદાજીત ખર્ચ રૂા.૧૫૦૦૦/– થવા પાત્ર છે. જે મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના ફાયર શાખાના ઈન્ચાર્જશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ ડીઝાસ્ટર મેનેજમેન્ટમાંથી આપેલ ફોર્સ કંપની ધ્વારા મળેલ વાહન રજીસ્ટ્રેશન નંબરઃ GJ:15-G-727 છેલ્લા પાંચથી છ વર્ષથી બંધ હાલતમાં પડેલ છે. માટે વાહનને સર્વિસ કરાવવાની જરૂરીયાત હોય જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા. ૧૫૦૦૦/– અંકે રૂા. પંદર હજાર પુરાનું મંજુર કરી, વાહન સર્વિસ કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૯૨/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૫.</u>**

**<u>વિષય:–</u> ફાયર શાખામાં આગને લગતી (૪) ચાર વાહનો ચાલે છે. અને સાથે પાણીનું ટેંકર પણ ચાલે છે. જે દરેક વાહનોની સીટો ફાટી ગયેલી હોય, કવરો, છુટા પડી ગયેલા હોય, જે સીટો નવી બનાવવા અંગેનો અંદાજીત ખર્ચ રૂા. ૯૦૦૦/–મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકાના ફાયર શાખાના ઈન્ચાર્જશ્રીના રીપોર્ટમાં જણાવ્યા મુજબ, ફાયર શાખામાં આગને લગતી (૪) ચાર વાહનો ચાલે છે. અને સાથે પાણીનું ટેંકર પણ ચાલે છે. જે દરેક વાહનોની સીટો ફાટી ગયેલી હોય, કવરો, છુટા પડી ગયેલા હોય, જે સીટો નવી બનાવવાની જરૂરીયાત હોય જે અંગેનો અંદાજીત ખર્ચ રૂા. ૯૦૦૦/–અંકે રૂા. નવ હજાર પુરાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૯૩/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૬.</u>**

**<u>વિષયઃ–</u> ફાયર શાખામાં આગને લગતી (૪) ચાર વાહનો ચાલે છે. અને સાથે પાણીનું ટેંકર પણ ચાલે છે. જેમાં વપરાતા રબર હોસ પાઈપ જુના અને ફાટી ગયેલા હોય, નવા ખરીદવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ફાયર શાખાના ઈન્ચાર્જશ્રી, તથા ઈજનેરશ્રી,વલસાડ નગરપાલિકાના રીપોર્ટ માં જણાવ્યા મુજબ ફાયર શાખામાં આગને લગતી ચાર (૪) ગાડીઓ ચાલે છે. અને સાથે પાણીનું ટેંકર પણ ચાલે છે. સદરહું ગાડીમાં વપરાતાં રબર હોસ પાઈપ વર્ષ–૨૦૦૮ માં લેવામાં આવ્યા હતાં જે ઘણાંજ જુના થઈ ગયેલ હોય, અને ફાટી ગયેલા હોય અને કોઈ મોટી દુર્ઘટના બને તેને પહોંચી વળવા ઘણી જ મુશ્કેલી પડે એમ છે.જેથી આગના બનાવના સમયમાં તાત્કાલીક ઈમરજન્સીમાં પહોંચી વળવા નીચે જણાવ્યા મુજબના હોસ પાઈપ ખરીદવા અંગે ટેન્ડર પ્રક્રિયા કરી ખરીદી કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**(૧) ફાયર ગાડી –૩૫ નંગ હોસ પાઈપ.**

**(૨) પાણીનું ટેન્કર –૧૫ નંગ હોસ પાઈપ.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૯૪/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૭.</u>**

**<u>વિષયઃ–</u>વારિગૃહ શાખામાં કાયમી સ્ટોર કીપર કમ કેમિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી અશોક એસ.પટેલ, તા.: ૩૦/૦૯/૨૦૨૨ ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત થનાર છે. જે ખાલી પડનાર સ્ટોરકીપર કમ કેમિસ્ટની જગ્યાએ નવી નિમણુંકનું આગોતરું આયોજન કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હસ્તકનાં વારિગૃહ શાખામાં શ્રી અશોક એસ. પટેલની જ.બો.ઠ.નં.૩૮ / તા. ૩૦/૦૪/૧૯૯૨ થી મહેકમ મુજબની કાયમી સ્ટોર કીપર કમ કેમિસ્ટ તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. તેમની સેવા પોથીમાં જન્મતા.: ૦૩/૦૯/૧૯૬૪ દર્શાવેલ છે. જેથી તેવો નિયમોનુસાર ૫૮ વર્ષની વય મર્યાદાને કારણે તા.:૩૦/૦૯/૨૦૨૨ ના રોજથી નિવૃત થનાર છે.**

**વલસાડ નગરપાલિકા ઔરંગા નદી ઉપર બાંધવામાં આવેલ ડેમમાંથી રો વોટર પંપીંગ કરી હેડ વર્કસ ખાતે આવેલ ત્રણ ટ્રીટમેન્ટ પ્લાન્ટ વોટર પ્લાન્ટોમાં ફટકડી, બ્લીચીંગ, કલોરીનનો ઉપયોગ કરી પાણીને શુધ્ધ પીવાલાયક કરી શહેરી વિસ્તારોમાં પુરૂં પાડવામાં આવે છે. સદર ત્રણેય વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ત્રણ શીફટમાં કામગીરી ચાલતી હોય, સદર કામગીરી માટે તેમજ માણસોની ગોઠવણ તેમજ વારીગૃહ હેડ વર્કસ ખાતેના ત્રણેય પ્લાન્ટમાં નીકળતા તમામ મેન્ટેનન્સના કામો કરવાની કામગીરી કરતા આવેલ છે.**

**વલસાડ નગરપાલિકામાં ડ્રેનેજ શાખા અને વારીગૃહ શાખામાં મહેકમ મુજબની કાયમી સ્ટોર કીપર કમ કેમીસ્ટ તરીકેની જગ્યા છે. જેમાં ડ્રેનેજ શાખામાં હાલે ખાલી છે. જેથી વારીગૃહ શાખામાં કેમીસ્ટ અશોકભાઈ નિવૃત થાય ત્યારબાદ વારીગૃહ શાખામાં ઉપરોકત કામગીરી સારી રીતે ચાલી રહે પાણી જીવન જરૂરીયાતની મુખ્ય વસ્તુ હોય જેથી શહેરીજનોને પીવાનું પાણી શુધ્ધ મળી રહે તે માટે ખાલી પડનાર સ્ટોર કીપર કમ કેમીસ્ટની જગ્યાએ નવી નિમણુંકનું આગોતરું આયોજન કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૨૯૫/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>વ.કા.નં.–૮</u>

<u>વિષયઃ–</u> વારીગૃહ શાખા માટે પ્લાન્ટોના ટ્રાન્સફોર્મરનું ઓઈલ ફિલ્ટર નવું નાંખી ઓવર હોલીંગ તેમજ ટ્રાન્સફોર્મરનું રીવાઈન્ડીંગ કરવાનું કામ (ઈ–ટેન્ડર) આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા દ્વારાવારિગૃહ શાખા માટે પ્લાન્ટોના ટ્રાન્સફોર્મરનું ઓઈલ ફિલ્ટર  નવું નાખી ઓવર હોલિંગ તેમજ ટ્રાન્સફોર્મરનું રિવાઈન્ડીંગ કરવાના કામ અંગેના ઈ–ટેન્ડર બીજા પ્રયત્ન થી તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ દૈનિક પેપર સંદેશમાં માહિતીખાતા મારફતે વર્ષ : ૨૦૨૧–૨૨ ના વાર્ષિક ભાવ મંગાવતી ઈ–ટેન્ડર નોટીસ પ્રસિધ્ધી અન્વયે એનપ્યોકયોરની વેબસાઈટ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ આઈ.ડી. નંબર : ૪૯૦૫૦૩ થી અપલોડ કરવામાં આવેલ છે. જેમાં કુલ–૪ ટેન્ડરોના ડોકયુમેન્ટ અત્રેની કચેરીએ સમયમર્યાદામાં આવેલ છે. સદરહું આવેલ ટેન્ડરોના ડોકયુમેન્ટ કિશ્ના કન્સલટન્ટ, આણંદ તરફથી તા.૨૪/૦૧/૨૦૨૨ થી ચકાસણી કરતા પાયલ ઈલેકટ્રીકલ્સ, વાપી તરફથી રજુ કરેલ ટેન્ડર ફી સમય મર્યાદા બહારની હોવાથી માન્ય રાખેલ નથી. જેથી તેમને ડિસકવોલિફાઈય કરવામાં આવેલ છે. બાકી રહેલ ત્રણે ટેન્ડરો કવોલિફાઈડ ગણવામાં આવેલ છે. સદર ટેન્ડરો તા.૩૧/૦૧/૨૦૨૨ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરવામાં આવેલ છે. સદરહુ ટેન્ડરમાં ટ્રાન્સફોર્મર ઓવર હોલિંગના ૪ આઈટમોના ભાવો તેમજ ટ્રાન્સફોર્મર રિવાઈન્ડીંગના ૪ આઈટમોના ભાવો આમ કુલ–૮ આઈટમોના ભાવો મંગાવવામાં આવેલ  છે.  જેમાં ટ્રાન્સ ઈલેકટ્રો–ગુંદ લાવ. કુલ–૮ આઈટમો પૈકી ૫ માં એમના ભાવો ઓછા છે. જયારે ત્રિભુવન ઈલેકટ્રીકલ્સના કુલ–૮ આઈટમો પૈકી, ૩ માં ભાવો ઓછા છે. ઉપરોકત બાબતોને ઘ્યાને લઈ સદરહુ ટેન્ડરમાં જેમના ભાવો જે આઈટમોના ભાવો ઓછા છે. તે ભાવો મંજુર કરી, તેમની પાસેથી  કામગીરી કરાવવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું  મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૨૯૬/ તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>૧.કા.નં.–૯</u>

<u>વિષયઃ–</u> વારીગૃહ શાખા માટે " બ–વિભાગ થી જી.આઈ.પાઈપ તથા ફિટિંગ્સ ખરીદી કરવાનું કામ (ઈ–ટેન્ડર) આવેલ ભાવો મંજુર કરવા બાબત..

<u>ઠરાવ.:–</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વલસાડ નગરપાલિકા દ્વારા વારિગૃહ શાખા " બ –વિભાગ " ગેલ્વેનાઈઝ પાઈપ તથા ફીટીંગ્સ તથા અન્ય માલસામાન ખરીદ કરવા અંગેના ઈ–ટેન્ડર બીજા પ્રયત્ન થી તા.૦૩/૧૧/૨૦૨૧ ના રોજ દૈનિક પેપર સંદેશમાં માહિતી ખાતા મારફતે વર્ષ : ૨૦૨૧–૨૨ ના વાર્ષિક ભાવ મંગાવતી ઈ–ટેન્ડર નોટીસ પ્રસિધ્ધી અન્વયે એનપ્યોકયોરની વેબસાઈટ ઉપર ટેન્ડર ડોકયુમેન્ટ આઈ.ડી. નંબર : ૪૯૦૪૮૩ થી અપલોડ કરવામાં આવેલ છે. જેમાં કુલ–૨ ટેન્ડરોના ડોકયુમેન્ટ અત્રેની કચેરીએ સમયમર્યાદામાં આવેલ છે. સદરહું આવેલ ટેન્ડરોના ડોકયુમેન્ટ કિશ્ના કન્સ્લટન્ટ, આણંદ તરફથી તા.૨૪/૦૧/૨૦૨૨ થી ચકાસણી કરતા ૨(બે) ઠેકેદારોને કવોલીફાઈડ ગણવામાં આવેલ છે. સદરહુ ટેન્ડર તા. ૩૧/૦૧/૨૦૨૨ ના રોજ ઈ–ટેન્ડરો ઓપન કરવામાં આવેલ છે. સદરહુ ટેન્ડરમાં કુલ–૩૧૦ આઈટમોના ભાવો મંગાવવામાં આવેલ છે. જેમાં હિરેન સેનેટરી સ્ટોર્સ– અમદાવાદના કુલ–૩૧૦ આઈટમો પૈકી ૧૬૮ માં એમના ભાવો ઓછા છે. જયારે વસંત હાર્ડવેર એન્ડ જનરલ સ્ટોર– વલસાડના કુલ–૩૧૦ આઈટમો પૈકી ૧૪૩ માં ભાવો ઓછા છે. અને એક આઈટમો બંનેના ભાવ સરખા છે. ઉપરોકત બાબતોને ઘ્યાને લઈ સદરહુ ટેન્ડરમાં જેમના ભાવો જે આઈટમોના ભાવો ઓછા છે. તે ભાવો મંજુર કરી તેમની પાસેથી ખરીદ કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં, સદરહું ટેન્ડરરોએ તા.:૧૯/૦૨/૨૦૨૨ તથા તા.:૨૧/૦૨/૨૦૨૨ ના રોજ તેમના લેટર પેડ ઉપર સંમતી પત્ર લખી આપેલ છે. જેમાં તેઓ તરફથી ટેન્ડરમાં જે સૌથી ઓછા ભાવો ભરેલ છે. તે મુજબ તેઓ તરફથી સને વર્ષ–૨૦૨૧–૨૨, તથા ૨૦૨૨–૨૩ના વર્ષ સુધી સપ્લાય કરવાનું જણાવેલ છે. તે મુજબ સદર એજન્સીના તેમના જે ઓછા ભાવો છે. તે મંજુર કરી, તેમની પાસેથી ખરીદ કરવાનું મંજુર કરવાનું તેમજ જરૂરી કરારખત બંને એજન્સીઓ પાસે કરાવી લેવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૯૭/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૧૦</u>**

**<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની મનોરંજન કર ગ્રાન્ટ હેઠળ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળઓને વરસાદી ગટર તથા પેવરબ્લોક નાખવાના કામના આવેલ ટેન્ડરના ભાવ મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,ના.સરકારશ્રીની મનોરંજન કર હેઠળ વર્ષ : ૨૦૧૮–૧૯ ના વર્ષ વ.ન.પા.હદ વિસ્તારમાં સુકી તલાવડી મુખ્ય રસ્તાથી યાકુબભાઈના ઘર સુધી પેવર બ્લોક ( જનરલ સદર ) નાંખવાનું તેમજ હંસાબેન પરમારના ઘરથી ઘડુચી તળાવ સુધી વરસાદી ગટર બનાવવાના કામે પ્રાદેશિક કમિશ્નર, સુરત ખાતેથી પત્ર નં.RCMO / SRT / મનોરંજન કર/ SCSP/2018-19 / વહીવટી મંજુરી / વલસાડ /DEXN-1/ વશી–૧૧૪ / ૨૦૨૧,તા.૨૦–૯–૨૦૨૧,જા.નં.–૫૯૦૫ થી ૫૯૧૨ થી જનરલ SCSPસદર હેઠળ ૦૨ કામોની મંજુરી મળેલ છે. તેમજ મનોરંજન કર હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦ અંતર્ગત નગરપાલિકા હદ વિસ્તારમાં વોર્ડ નં.–૦૧ માં ઓનેસ્ટ ગેરેજની આસપાસના વિસ્તારમાં પેવર બ્લોક નાખવાના કામે પ્રાદેશિક કમિશ્નર, સુરત ખાતેથી પત્ર નં.–.RCMO / SRT / મનોરંજન કર/ SCSP / 2019-20/ વહીવટી મંજુરી / વલસાડ / DEXN-1/ વશી–૧૨૩ / ૨૦૨૧, તા.૧૫–૯–૨૦૨૧, જા.નં.–૫૬૩૨ થી ૫૬૩૯ થી SCSP સદર હેઠળ એક પેવર બ્લોકનું કામની વહીવટી મંજુરી મળેલ છે.**

**ઉપરોકત જણાવ્યા મુજબના સને ૨૦૧૮–૧૯ તેમજ ૨૦૧૯–૨૦ ના વર્ષની મનોરંજન કરની ગ્રાન્ટ હેઠળ મંજુર થયેલ કામો નાયબ માહિતી ખાતા મારફતે દૈનિક પેપરમાં બહોળી પ્રસિધ્ધી કરાવી ઓનલાઈન ટેન્ડરીંગ કરવામાં આવતા પ્રથમ પ્રયત્ને સીંગલ ટેન્ડર આવતા CVC ની ગાઈડલાઈન મુજબ આવેલ સીગલ ટેન્ડર રદ કરવામાં આવેલ છે. જયારે બીજા પ્રયત્ને મુદત દરમ્યાન કોઈ ટેન્ડર નહીં આવવાથી નગરપાલિકા ધ્વારા ત્રીજા પ્રયત્ને ફરીથી ઓનલાઈન ટેન્ડર ( ટેન્ડર આઈડી –૪૯૭૫૬૪) કરવામાં આવતા મુદત દરમ્યાન ફકત એકજ ટેન્ડર આવેલ છે. સદર**

આવેલ સીંગલ ટેન્ડર ત્રીજો પ્રયત્ન હોવાથી તા.:૨૪–૦૧–૨૦૨૨ના રોજ ટેન્ડર ડોકયુમેન્ટ,ચીફઓફીસરશ્રી,પ્રમુખશ્રી,ચેરમેનશ્રી, કારોબારી સમિતિ,ચેરમેનશ્રી,બાંધકામ સમિતિ રૂબરૂમાં ખુલ્લુ કરવામાં આવેલ. અને સદરહું ખુલ્લુ કરવામાં આવેલ ટેન્ડરડોકયુમેન્ટ ક્રિષ્ણા કન્સ્લટન્ટ, આણંદ ધ્વારા ચકાસણી કરતાં કવોલીફાઈડ થયેલ ટેન્ડરરના ઓનલાઈન ટેન્ડર બીડ તા.: ૦૧–૦૨–૨૦૨૨ ના રોજ ખુલ્લા કરવામાં આવેલ છે. સદરહું ખુલ્લુ કરવામાં આવેલ ઓનલાઈન ટેન્ડરનું બીડમાં L1 ટેન્ડરરશ્રી પુનમ કન્સ્ટ્રકશન, ચીખલી રોડ, બીલીમોરાનું ટેન્ડર એસ્ટીમેઈટની રકમ રૂા.૫,૩૮,૫૦૦/–થી ૯.૯૦% ઉંચા ભાવથી આવેલ રકમ રૂા. ૫,૯૧,૮૧૧.૫૦/–ઉંચા ભાવથી ટેન્ડર આવેલ છે. સદરહુ આવેલ એજન્સીનું ટેન્ડર ૯.૯૦ % ઉંચા ભાવથી ટેન્ડર આવેલ હોય સદરહુ એજન્સી સાથે જરૂરી નેગોશીએશન કરવાની જરૂરીયાત જણાતી હોય ચીફ ઓફીસરશ્રીના હુકમ મુજબ તા.:૧૯–૦૨–૨૦૨૨ ના રોજ સદરહુ એજન્સીને નેગોશીએશન કરવા માટે અત્રેની કચેરીએ બોલાવવામાં આવતા સદરહુ એજન્સી ધ્વારા તા.: ૧૯–૦૨–૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ લેખિત સંમતિ મુજબ મુળ ટેન્ડરમાં દર્શાવેલ ૯.૯૦% ઉંચા ભાવથી ૧૦% ઓછા કરી નેગોશીએશન બાદ ૮.૯૦% ઉંચા ભાવથી કામગીરી કરવાની લેખિત સંમતિ આપેલ છે. જે લેખિત સંમતિથી આપેલ ૮.૯૦% ઉંચા ભાવ મંજુર કરી, કામગીરી કરાવવાની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

**કા.સ.ઠ.નં.૨૯૮/ તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૧૧</u>**

**<u>વિષય:–</u> વહીવટી શાખામાં નિવૃત થયેલ ટાઈપીસ્ટ( કોમ્પ્યુટર ઓપરેટર)ની ખાલી જગ્યા હોય, ૧૧–માસના કરાર આધારિત જગ્યા પર હંગામી નિમણુંક કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, વહીવટી શાખામાં નિવૃત થયેલ ટાઈપીસ્ટ ( કોમ્પ્યુટર ઓપરેટર)ની બે (ર) ખાલી જગ્યા હોય, હાલે સરકારશ્રીની વિવિધ યોજનાઓ તેમજ તેના સબંધિત પત્રકો , માહિતીઓ, મીટીંગના એજન્ડા, સામાન્ય સભાની કાર્યનોંધ, સરકારશ્રીના પત્રોના જવાબો, વિગેરે કામગીરી અર્થે હાલમાં કોમ્પ્યુટર ઓપરેટર નથી.નગરપાલિકા બીજા અન્ય શાખાઓ જેવાં કે, હિસાબી શાખા, જાહેર બાંધકામ શાખા, હાઉસ ટેક્ષ શાખા, આરોગ્ય શાખા, હોસ્પીટલ શાખાઓમાં હાલે કોમ્પ્યુટર ઓપરેટર ચાલી આવેલ છે. ફકત વહીવટી શાખામાં જ કોમ્પ્યુટર ઓપરેટર નથી. જેથી સમય મર્યાદામાં કે ઈમરજન્સીમાં સરકારશ્રીમાં કરવાની થતી કામગીરીને પહોંચી વળવામાં ધણીજ તકલીફ ઉપસ્થિત થતી હોય, વહીવટી શાખામા ૧૧ માસના કરાર આધારિત હંગામી ધોરણે કોમ્પ્યુટર ઓપરેટર રાખવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૨૯૯ / તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**વ.કા.નં.–૧૨.**

**વિષયઃ– DIS યોજના હેઠળ અંદર ગ્રાઉન્ડ કેબલ નાખવા વિદ્યુત બોર્ડને ભલામણ કરવા બાબત..**

**ઠરાવ.:–**

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકા હદમાં મોગરાવાડી વિસ્તારમાં આવેલ વીજ કંપનીનાં નીચે મુજબનાં વિસ્તારમાં 11 K.V.ની હાઈટેન્શન લાઈનો સ્લમ વિસ્તાર, ઝુંપડા, બાંધકામ મકાનો, વિગેરે વિસ્તારમાંથી પસાર થાય છે. જે ભયજનક અને અકસ્માત સજાર્ય તેમ હોય સદર વીજ લાઈનો સરકારશ્રીની D.I.S યોજના હેઠળ અંદર ગ્રાઉન્ડ કેબલ નાખવા વીજ કંપનીને ભલામણ રજુઆત કરવા અંગેની જરૂરી કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.**

| અ.નં. | વિસ્તારનું નામ. |
|---|---|
| ૧ | મોગરાવાડી સાંઈપાર્ક થી હિન્દીશાળા, ગુજરાતી શાળાનો વિસ્તાર |
| ૨ | મોટા તળાવ, સુકી તળાવ, મણીનગર અને સહયોગનગર વિસ્તાર |
| ૩ | અક્ષરધામ રેસીડેન્સીથી, છતરીયું આદિવાસી વિસ્તાર, કોટેશ્વર નગર, પાણીની ટાંકી સુધીનો વિસ્તાર. |
| ૪ | મોટા તળાવ પાળ ઉપર –૨૦, સ્ટ્રીટલાઈટ પોલ નાંખવા. |

**સ.મ.મંજુર..**

**કા.સ.ઠ.નં.૩૦૦ / તા.:૨૧–૦૨–૨૦૨૨**

---

**<u>વ.કા.નં.–૧૩.</u>**

**<u>વિષયઃ–</u> આરોગ્ય શાખાના ગેરેજમાં એર કોમ્પ્રેસરની મોટર નવી નાંખવા બાબતેના ભાવો મંજુર કરવા બાબત..**

**<u>ઠરાવ.:–</u>**

**ચીફ ઓફિસર તથા આરોગ્ય ઈન્સ્પેકટરના રીપોર્ટ મુજબ " આરોગ્ય શાખાના ગેરેજમાં એર કોમ્પ્રેશરની મોટર નવી નાંખવાની જરૂરિયાત છે. જે અંગે સ્થાનિક બજારમાંથી ભાવો મંગાવતા કુલ ત્રણ એજન્સીના ભાવો અત્રેની કચેરીને મળેલ છે. જે પૈકી બલસારા એન્ડ કું.–સાંઈલીલા મોલ, વલસાડના ભાવો સૌથી નીચા અને વ્યાજબી ભાવો હોય એમના કોમ્પ્ટન ઈલે.મોટર સિંગલ ફેઝ ૨.૦૦ H.P.મોટરના રૂ.૧૩૨૫૦/– તથા ૮.MM હોર્સ પાઈપ ૩૦.૦૦ મીટર P.V.C પાઈપ સાથેના કુલ ભાવ રૂ.૧૫૬૫૦/– મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે. અને ચીફ ઓફિસરશ્રી વલસાડ નગરપાલિકાને ખરીદ કરવાની સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

કા.સ.ઠ.નં.૩૦૧ / તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>વ.કા.નં.–૧૪.</u>

<u>વિષયઃ–</u> ના.સરકારશ્રીની "આઝાદી કા અમૃત મહોત્સવ " પ્રોત્સાહક વળતર યોજના અન્વયે નગરજનોને કરવેરામાં રાહત આપવા બાબત..

<u>ઠરાવ.:</u>

મે.કમિશ્નરશ્રી મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગરના પરિપત્ર નં.કમિ.મ્યુનિ./ ન.પા.વ.ટ / પ્રોવયો / ૨૦૨૨ /તા.:૧૯/૦૨/૨૦૨૨ ના પરિપત્રથી ગુજરાત રાજયની નગરપાલિકાઓમાં કરવેરા વસુલાત હેઠળ " આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના " ને તેની પરિપત્રની તમામ શરતો અને નિયમો સાથે મંજુર કરવાનું બહુમતે ઠરાવવામાં આવે છે. જેના અંતર્ગત ( એ)જુના માંગણા માટે આ યોજના કરદાતા તેમની મિલકત પેટે અગાઉના વર્ષોમાં તમામ પ્રકારના વેરાની બાકી રકમ તા.:૩૧/૦૩/૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરે તો નોટીશ ફી / વ્યાજ / પેનલ્ટી વોરંટ ફી પેટેની ૧૦૦% રકમ માફ કરવાની રહેશે. તેમજ (બી) નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ ના માંગણા માટે આ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૨૨–૨૩ ની વેરાની રકમ તા.: ૩૧/૦૫/૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરવા માટે ૧૦% ( દશ ટકા) વળતર મળવાપાત્ર રહેશે.તેમજ ઈ–નગરની મોબાઈલ એપ કે ઈ–નગરના ઓનલાઈન સીટીજન પોર્ટલ મારફત સદરહુ વેરાની રકમ તા.:૩૧/૦૫/૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરવા પર વધુ ૫% ( પાંચ ટકા ) વળતર મળવાપાત્ર રહેશે.

વધુમાં, આ પરિપત્ર અંગેની અમલવારી સમયગાળા દરમ્યાન સરકારશ્રી તરફથી આ યોજનામાં કોઈ સુધારો કરવામાં આવે તો તેને પણ મંજુર કરવા અંગે ભલામણ સહ સરકારશ્રીમાં રજુ કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૦૨ / તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>વ.કા.નં.–૧૫.</u>

<u>વિષયઃ–</u>( ગ્રાન્ટ હેતુ ફેર ) મારફત રોડ સ્વીપર મશીનના બદલામાં આરોગ્ય શાખા માટે ટ્રેકટરો ખરીદ કરવા બાબત..

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, ના.સરકારશ્રીનાશ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગના ઠરાવ ક્રમાક : નપમ / ૧૩૨૦૦૭ / ૫૬૮૦ / તા:૨૦/૦૯/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકની શરત નંબર–૧ મુજબ " જે વાહનને રદ બાતલ કરવા માટે સરકારી ધારા ધોરણો અનુસાર નિયત ઉપયોગના બે લાખ કિ.મી અને નિયત આયુષ્યના ૧૦ વર્ષ પુરા કરેલ હોય તેવા વાહનોને જે તે નગરપાલિકાના મુખ્યઅધિકારી રદ બાતલ કરી શકશે."

નગરપાલિકાનાઆરોગ્ય શાખા હસ્તક ધન કચરા નિકાલની કામગીરી માટે વપરાતા ટ્રેકટરો –૨૫ પૈકી, –૭ ટ્રેકટરો ની ઉપરોકત પેરા નંબર–૧ માં દર્શાવેલ જોગવાઈ મુજબ નિયત ઉપયોગની સમય મર્યાદા પૂર્ણ થયેલ છે જેથી આ ટ્રેકટરોનો નિયમ મુજબ કાર્યવાહી કરી નિકાલ કરી તેની જગ્યાએ  નવા ટ્રેકટરો ખરીદવાના થાય છે. જેથી ધન કચરા નિકાલની કામગીરીમાં કોઈ મુશ્કેલી ન આવે તેમજ સરકારશ્રીધ્વારા નવી સ્ક્રેપ નિતી  બનાવેલ છે તેનો અમલ થઈ શકે.

ના.સરકારશ્રીધ્વારા સને –૨૦૧૪ થી ચલાવાતા સ્વચ્છ ભારત મિશન અર્બન કાર્યક્રમની સ્ટેટ લેવલ એડવાઈઝરી કમીટીની બેઠક તા.:૦૬–૦૩–૨૦૨૦ ના રોજ મા.સચિવશ્રી, હાઉસીંગ અને નિર્મળ ગુજરાતની અધ્યક્ષતામાં મળેલ હતી  આ બેઠકમાં નગરપાલિકાના કુલ પાંચ કામો રૂા.૪,૧૯,૫૨૦૦૦/– ના મંજુર થયેલ હતા, આ પાંચ કામો પૈકીનું એક કામ સેલ્ફ પ્રોપલ્ડ સ્વીપર મશીન ( નંગ–૧ ) માટે રૂા.૩૧,૦૦,૦૦૦/– ની ગ્રાન્ટ મંજુર કરવામાં આવેલ છે. નગરપાલિકા પાસે ઓલરેડી એક મોટુ રોડ સ્વીપર મશીન છે. જેથી બીજું મશીન ખરીદવાની જરૂરીયાત નથી તેના બદલામાં જુના થયેલ ટ્રેકટરોનો નિકાલ કરી તેની જગ્યાએ નવા ટ્રેકટરો સારી કંપનીના ૩૫ એચ.પી.ના નંગ–૬ ( છ) સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબની કાર્યવાહી કરી ખરીદવા માટે આ ગ્રાંન્ટ વાપરવા માટેની મંજુરી માંગતી દરખાસ્ત કરવા અંગેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં.૩૦૩ / તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>વ.કા.નં.–૧૬.</u>
<u>વિષયઃ–</u> વોર્ડ નં.૫ ના શાકભાજી માર્કેટ સામે આવેલ વખારીયા હોલ પાછળ નગરપાલિકાના પબ્લિક શૌચાલય બનાવવા બાબતે.

<u>ઠરાવ.:</u>

આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે,વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર : ૦૫ ના શાકભાજી મારકેટ સામે આવેલ વખારીયા હોલની પાછળ નગરપાલિકાના પબ્લીક શૌચાલયોનો ઉપયોગ આ વિસ્તારના વેપારીઓ તથા નાની ખત્રીવાડ વિસ્તારના વેપારીઓ / નાગરિકો કરતા આવેલ હતા. આ શૌચાલયો વર્ષો જુના હોવાથી જર્જરીત હાલતમાં થઈ ગયેલ હતા તેમજ ડ્રેનેજ લાઈનનો પ્રશ્ન પણ ઉદભવેલ હતો જેને કારણે ગંદકી રહેતી હતી. જાહેર આરોગ્યના હીતમાં આ શૌચાલયો તોડવાની જરૂરીયાત ઉપસ્થિત થતા તે તોડીને દુર કરવામાં આવેલ હતા.

આ શૌચાલયો તોડીને દુર કરવામાં આવતા આજુબાજુમાં દુકાનો ચલાવતા વેપારીઓ તથા નાની ખત્રીવાડ વિસ્તારના વેપારીઓ તરફથી શૌચાલયોની સુવિધા કરી આપવાની રજુઆત આવતા આરોગ્ય શાખા તરફથી એજન્સીશ્રી અજય કન્સ્ટ્રકશન , પારનેરા પારડી, વલસાડ પે એન્ડ યુઝ શૌચાલયો બનાવવાની કામગીરી ચાલુ કરાવવામાં આવેલ હતી. અને સદર એજન્સીએ પોતાના ખર્ચે પ્લીન્થ, બીમ, કોલમ, સાઈડની દીવાલ તથા અંદરના ભાગે પણ પી.સી.સી.ની કામગીરી પૂર્ણ કરી દીધેલ છે. આ જગ્યાએ સ્વચ્છ ભારત મિશન અર્બનની ગાઈડલાઈન મુજબ ૧૦ (દસ) સીટના બ્લોકવાળું પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાનું હોય પે એન્ડ યુઝ શૌચાલય બનાવવાની સ્કીમ હેઠળ ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગર પાસે રૂા.૧૩૩૫૧૩૪/– ગ્રાન્ટ મેળવવા દરખાસ્ત કરવા માટેની જરૂરી આગળની કાર્યવાહી કરવાનું મંજુર કરવા જનરલ બોર્ડને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર..

કા.સ.ઠ.નં. ૩૦૪ / તા.:૨૧–૦૨–૨૦૨૨

---

<u>વ.કા.નં.–૧૭.</u>
<u>વિષય:–</u> **આરોગ્ય શાખાના વાહનોમાં હવા ભરવાનો પાઈપ વિગેરે ખરીદવા બાબતે..**

<u>ઠરાવ.:</u>

**આ કામ કમીટીમાં રજુ થતાં ઠરાવ્યું કે, આરોગ્ય શાખાના ઈ.ચા.મીકેનીકશ્રી તથા ચીફ સેનેટરી ઈન્સ્પેકટરશ્રીનાં રીપોર્ટમાં જણાવ્યા મુજબ ઘન કચરા નિકાલ વિ. ના વાહનોમાં હવા ભરવા માટે પાઈપ વિ.ખરાબ થઈ ગયેલ હોવાથી વાહનોમાં હવા ભરવાની ખુબજ મુશ્કેલી પડી રહેલ છે. આ કામે (૧) ૧૦૦ ફુટ પાઈપ તથા (૨) ગ્રાઈન્ડર કીટ બે–૨ ખરીદવાની જરૂરીયાત હોઈ, અને આ માટે અંદાજીત રૂ. ૨૭૦૦/– જેટલાનો ખર્ચ થાય તેમ છે. જે વિગતોઘ્યાનમાં લઈ સદર પાઈપ વિ. સ્થાનિક બજારમાંથી ખરીદવાનું મંગાવવામાં આવેલ ભાવપત્રક મંજુર કરી, ખરીદ કરવાનું તેમજ ખરીદી કર્યા બાદ આવતાં બીલનું ચુકવણું કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.**

**સ.મ.મંજુર..**

સહી/–અવાચ્ય,
( છાયાબેન યુ. પટેલ )
ચેરપર્સન,
કારોબારી સમિતિ,
વલસાડ નગરપાલિકા.